જમીન મહેસુલનું ધોરણ નક્કી કરવા માટે

નામદાર મુંબાઈ સરકારે નીમેલી

"લેન્ડ રેવન્યુ એસેસમેંટ કમિટિ" સમક્ષ

રાવબહાદુર ભીમભાઈ રણછોડજી નાયકે

આપેલી જુબાની.

પ્રકાશકઃ—

ખંડુભાઈ કાળભાઈ દેસાઈ
સેક્રેટરી-બારડોલી તાલુકા ખેડુત મંડળ.

પ્રાસ્તાવિક.

જમીન મહેસુલનું ધોરણ ફરીથી તપાસી નક્કી કરવાના હેતુથી નામદાર મુંબઈ સરકાર તરફથી મુંબઈની ધારાસભાના સભ્યોની બહુમતીવાળી કમિટિ નીમવામાં આવી હતી. આ કમિટિએ પ્રથમ લોકમત જાણવા સારૂ એક પ્રશ્નાવલિ તૈયાર કરી, તેના જવાબો મેળવવા તાલુકા તથા જીલ્લા બોર્ડના પ્રમુખો, કલેક્ટરો, તથા ખેતીવાડી ખાતાના અમલદારો વગેરે પર મોકલી આપી હતી. આ પ્રમાણે ઉત્તરો આવ્યા પછી કમિટિએ મહાલના કેટલાક જાણીતા ગૃહસ્થોને પોતાની રૂબરૂ મુખજુબાની આપવા નિમંત્રણ કર્યું હતું. લગભગ ૨૦ ગૃહસ્થોએ આવી જુબાની નોંધાવી હતી. એઓ પૈકી રાવબહાદુર ભીમભાઈ રણછોડજી નાયક પણ હતા. રાવબહાદુરની જુબાનીનો ટુંક સાર પ્રથમ જ્યારે જાહેર પત્રોમાં પ્રકટ થયો, ત્યારથીજ તેનો આખો તરજુમો જાણવા ઘણાએ ઇંતેજારી બતાવી હતી. આ જુબાનીમાં રાવબહાદુરે એક ખેડુત પણ પોતાની સ્થિતિનો ખરો ચિતાર નહિ આપી શકે તેવો તેની ખરી સ્થિતિનો ચિતાર રજુ કર્યો છે. ખેડુતો પોતાના ધંધામાં ખરેખર કંઇ પેદા કરી શકતા નથી, આ વાત તેમણે ઘણી સારી રીતે રજુ કરી છે. બારડોલી તાલુકાના કેટલાક ખેડુતોને એકઠા કરી જ્યારે એમ જણાવ્યું કે જે મજુરી તમે જાતે કરી લો છો, તેનો તથા ઢોર ચારો વગેરેનો હિસાબ નજરે લો અને નફાની બાકી કાઢો. આ પ્રમાણે જ્યારે તેમને તેમના આવક જાવકનો હિસાબ રજુ કરાવ્યા, ત્યારે તેમને જણાયું કે પોતે એ ધંધામાંથી ખરેખર કંઇ નફો કરી શકતા નથી. પોતાની મજુરીના ભાગે ફક્ત બાર માસનો રોટલો તેઓ મેળવી શકે છે. આ હકીકત જ્યારે તેમણે રાવબહાદુરની જુબાનીમાં રજુ થએલી જોઇ, ત્યારે મને ઘણે સ્થળેથી કહેવામાં આવ્યું કે આ જુબાનીનું ગુજરાતી કરી ખેડુતોને વહેંચવા ગોઠવણ કરવી જોઇએ.

બારડોલી તાલુકાને લાગે વળગે છે ત્યાં સુધી આ જુબાની સારી રીતે તેને લાગુ પડે છે. પરદેશોના પૈસાથી ખેડુતોએ પોતાના દેવા ઘટાડ્યા, પોતાની બાપુકી જમીન પોતાના કબજામાં રાખી શક્યા. અને તેમને સારે નસીબે છેલ્લા પાંચ છ વરસ કપાસના ભાવ ઠીક ઠીક આવ્યાથી વધુ દેવાદાર થતા અટક્યા.

જમીનના વધતા ભાવ, ગણોત વગેરેના ઉત્તરો પણ આમાં ઘણી સચોટ રીતે રજુ કર્યા છે ખેડુતો સામાન્ય બેંકના વ્યાજનો દર નહિ ઉપજવા છતાં નાણાં જમીનમાં રોકે છે, તે પોતાના નાણાની સહીસલામત ભરેલી જામીનગીરી તરીકે, તેમજ ઘરને આંગણે મજુરી કરી બાર માસનો રોટલો મેળવવા ખાતરજ.

આવી રીતે ખેડુતોને લાગુ પડતી દરેક બાબતોના ઉત્તર સ્પષ્ટ તથા સરળ રીતે આપેલા હોવાથી એ જુબાનીનું ગુજરાતી ભાષાંતર ગયા અક્ટોબરમાં સરભોણ મુકામે મળેલી બારડોલી તાલુકાની ખેડુત પરિષદ વખતે છપાવી પ્રસિદ્ધ કરવા ઠરાવ્યું હતું પરંતુ પરિષદના વખતે વેળાસર તૈયાર ન થવાથી છપાવવાનું કામ મુલતવી રહ્યું હતું. પરંતુ ત્યાર પછી મને કેટલાક સ્થળેથી વારંવાર કહેવામાં આવ્યાથી, તેમજ બારડોલી તાલુકાને માથે જમીન મહેસુલના વધારાનું જોખમ માથે ઊભું હોવાથી આ જુબાની લોકો સમક્ષ મૂકવાનું વાજબી જણાયું.

જો આ જુબાની વાંચી લોકો પોતાની સ્થિતિનો ખ્યાલ કરી જોશે-વિચારશે, તો મારી લીધેલી મહેનત સફળ થયેલી હું ગણીશ.

રાવબહાદુર ભીમભાઇ રણછોડજી નાયક જેઓ ડીસ્ટ્રીકટ લોકલ-બોર્ડના પ્રમુખ છે, તેમણે આ પ્રમાણે ખેડુતોની પરિસ્થિતિનો ખરો ચિતાર આપ્યો છે, તે જોઇ તેમને અભિનંદન આપવાની અમારી ફરજ છે. અને તે બારડોલી તાલુકા ખેડુત પરિષદમાં તેમની સેવાનો કદર કરનારો ઠરાવ રજૂ કરી અદા કરી હતી. ડીસ્ટ્રીકટ લોકલબોર્ડના પ્રમુખ

એટલે કેવળ ખેડુતો તરફથી ચુંટાયલા પ્રતિનિધિઓની સર્વાનુમતે પસંદગી પામેલા ખેડુતના પ્રતિનિધિ, અને એમના પર મુકેલો આ વિશ્વાસ એમણે ખેડુતોની ખરી સ્થિતિનો ચિતાર કમિટિ આગળ રજુ કરી સાચો પડયો છે.

હું આશા રાખું છું કે લોકો પણ એઓ જેમ એમના પર મુકેલા વિશ્વાસને વફાદાર રહ્યા છે, તેમ એમના પર વધુ ને વધુ વિશ્વાસ રાખી એમના કામમાં સહાનુભૂતિ દર્શાવી વધુ બળ આપતા રહે. અસ્તુ!

સરભોણ
તા. ૫-૬-૨૬

લિ. સેવક,
છોટુભાઈ દાજીભાઈ દેસાઈ.
સેક્રેટરી બારડોલી તાલુકા ખેડુત મંડળ.

મુંબઈ લેન્ડ રેવન્યુ એસેસમેંટ કમિટિએ પૂછેલા લેખિત પ્રશ્નો, અને તેના રા. બા. ભીમભાઈ રણછોડજી નાયકે આપેલા લેખી ઉત્તર.

પ્રશ્ન	ઉત્તર.
(૧) જમીન મહેસુલી કાયદાની ૧૦૭ મી કલમમાં નક્કી કરેલું જમાબંધીનું સામાન્ય ધોરણ તમે સ્વીકારો છો? (૨) જો નહિ સ્વીકારતા હો તો, બીજા કયાં ધોરણની તમો ભલામણ કરો છો?	હા.
(૩) જમીન મહેસુલ જમીનની ગણોત ઉપરથી ઠરવુ જોઇએ એમ તમે સ્વીકારો છો?	ના.

(૪) જમીનની ગણોત ઉપરથી નહિ તો શેના ઉપરથી ઠેરવવું જોઈએ ?	ખેતીના ચોખ્ખા નફા ઉપરથી.
(૫) જમીન મહેસુલ નક્કી કરવામાં ખેતીકાર અને બીન ખેતીકાર જમીનદારો વચ્ચે કંઈ ફરક રાખવો જોઈએ ? (૬) જો ફરક રાખવો હોય તો તે ફરક કેવી જાતનો હોવો જોઈએ ?	ના.
(૭) તમારા ધારવા પ્રમાણે જમીનની ગણોત શોધી કાઢવાને સૌથી સારો ઉપાય શું છે ? (૮) ફરી જમાબંધી થાય તે અગાઉનાં ઉંચા ભાવનાં વર્ષો બાદ કરતાં બાકીનાં વર્ષમાં જમીનદારોને ગણોતીઆઓએ જે ગણોત આપ્યાં હોય તે લેતાં એજ ગણોત શોધવાનો ઉત્તમ ઉપાય છે, એમ તમે નથી ધારતા ? (૯) જો એમ કરીએ તો કેટલાં વર્ષ ગણતરીમાં લેવાં જોઈએ ?	હા. ફરી જમાબંધી થાય તે પહેલાંના ઉંચા ભાવનાં વર્ષો બાદ કરતા બાકીના વર્ષની સરેરાશ ગણોત લો તો ચાલે.
(૧૦) શું તમે એમ ધારો છો કે ગણોતના વધારેમાં વધારે ટકા જમીન મહેસુલ તરીકે લેવાનો સરકારને હક છે ? (૧૧) જો એમ હોય તો તમે ધારો છો કે ગણોતનાં વધારેમાં વધારે ૫૦ ટકા એ જમીન મહેસુલની વ્યાજબી હદ છે? જો નહિ તો તે હદ શું હોવી જોઈએ ?	નહિ.

(૧૨) ૫૬ ઉપર કાયમની જમાબંધીનુ ધોરણ નક્કી કરવું અને થોડે થોડે વખતે નક્કી કરેલા ભાવે રોકડમાં વસુલ લેવાની યોજના તમો વ્યવહારૂ ધારો છો?	હું એ યોજનાના ગર્ભિત હેતુ સાથે સમ્મત છું, પણ તેને વધારે વ્યવહારૂ બનાવવી પડશે.
(૧૩) ફરી જમાબંધી થાય ત્યારે તે વખતે જે જમીન મહેસુલ હોય તે કરતાં તાલુકા કે મહાલને માથે વધારેમાં વધારે ૩૩ ટકા, ગામને માથે ૬૬ ટકા અને ખેડુતને માથે ૧૦૦ ટકા વધારવાની જે હદ ઠરાવેલી તેનેજ વળગી રહેવું કે કેમ?	નહિ.
(૧૪) જો તેમ નહિ તો દરેક બાબતમાં એ હદ તમે શું ઠરાવવા માગો છો?	અનુક્રમે ૨૦, ૩૦ અને ૫૦ ટકા.
(૧૫) હાલની જમાબંધીની મુદત જે ઇલાકાને માટે ૩૦ વર્ષ અને સીંધમાં ૨૦ વર્ષ ઠરાવેલી છે તે તમે વ્યાજબી નથી ધારતા?	ના.
(૧૬) નહિ તો એમાં તમે શું વધારો ઘટાડો કરાવવા માગો છો?	૯૯ વર્ષ.

(૧૭) જમાબંધી અધિકારી જમાબંધીની ભલામણો કલેક્ટર, જમાબંધી કમિશ્નર અને રેવન્યુ કમિશ્નરની મારફત કરે છે. એ ભલામણો અમલમાં મૂકાય તે પહેલાં એ ભલામણો તપાસવાને અને તે ઉપર સરકારને સલાહ આપવાને ધારાસભાના સભ્યોની જેમાં બીન સરકારી સભ્યો વધારે હોય એવાની એક સલાહકારી કમિટિ નિમાય એવું તમે ઇચ્છો છો ?	હા, બીન સરકારી સભ્યોની ચુંટણી ધારાસભાએ કરેલી હોવી જોઇએ.
(૧૮) માત્ર મુંબઇ ઇલાકામાંજ, જમીન મહેસુલી કાયદાની રૂએ, પહેલી જમાબંધી થઇ ત્યાર પછી જે સુધારા કરવામાં આવ્યા, તેને જમાબંધીમાંથી કાયમને માટે મુક્ત રાખવામાં આવ્યા છે આ વાત તમને પસંદ છે. અથવા તમે એમ ધારો છો કે અમુક વર્ષ પછી આ જમીનના સુધારા ઉપર પણ કર નાંખવો જોઇએ ? જો એમ હોય તો કેટલાં વર્ષ પછી ?	સુધારા ઉપર કર નહિ નખાવો જોઇએ હાલની પદ્ધતિ ચાલુ રહેવી જોઇએ
(૧૯) જમાબંધીનાં ધોરણ સંબંધી, જમીન મહેસુલના વધારા સંબંધી તેમજ જમાબંધીની મુદત સંબંધી અને આ સવાલોને લગતી બીજી કોઇ પણ બાબત ઉપર તમારે કંઇ સૂચના કરવાની રહે છે ?	જમાબંધીનું ધોરણ સ્પષ્ટ રીતે ઘડાવું જોઇએ કે જેથી જમીન ઉપર સરકારની માલકીની કે તે ઉપર નફો કરવાની વાત રહે નહિ.

જમીન મહેસુલ બાબત તપાસ કરવા નીમાયલી “ લેંડ રેવન્યુ એસેસમેંટ કમિટિ ” સમક્ષ રા. બા. ભીમભાઈ રણછોડજી નાયકે આપેલી મુખજુબાની.

પૂના—બુધવાર તા૦ ૨૪ મી જુન ૧૯૨૫.

ચેરમેન સાથે થયલા પ્રશ્નોત્તર.

સઃ—જમીન મહેસુલના કાયદાની (લેન્ડ રેવન્યુ કોડ) ૧૦૭ મી કલમનું ધોરણ તમે સ્વીકારો છો?

જઃ—હા. પણ હું સુચના કરૂં છું કે નફો તે **ચોખ્ખો નફો** હોવો જોઇએ. ‘ચોખ્ખો’ એ શબ્દ ઉમેરીને અર્થ સ્પષ્ટ કરવો જોઇએ.

સઃ—તમે ચોથા પ્રશ્નના તમારા જવાબમાં કહો છો કે ખેતીના ચોખ્ખા નફા ઉપર; તો તમે તે (ચોખ્ખો નફો) શી રીતે કાઢી શકશો?

જઃ—ખેતીની કુલ ઉપજમાંથી ખેતીનો ખર્ચ બાદ કરીને.

સઃ—ખેતીના ખર્ચમાં તમે શેનો સમાવેશ કરો છો?

જઃ—મજુરી, બી, ખાતર, ખેડ અને કેળવણી; અને જમીનની કિમ્મત ઉપરની વ્યાજખાધ. બીજાં સ્થળો (સુરત જીલ્લા સિવાય) ની સવિસ્તર હકીકત હું આપી શકું નહિ; પણ સુરત જીલ્લામાં તો કપાસની જમીનના એક એકરનું પ્રમાણ લઇ શકાય. પ્રથમ, જમીનમાંથી કરાંઠી ખોદીને ખસેડવાની મજુરી રૂ. ૨–૪–૦ થાય.

સઃ—કઈ કઈ બાબતો તમે લેશો તે પ્રથમ જણાવશો ?

જઃ—કરાંઠી ખોદી ખેતર સાફ કરવું, કળપી મારવી, ખાતર ખેતરમાં લઈ જવું, ખેડવું, ઓરવું, ચાસ કરવા, બે વખત નીંદવું. આણવું, વળારવું, કપાસ વણવો, વેચવા લઈ જવો વિગેરે વિગેરે—

સઃ—ખેતીની કુલ ઉપજમાંથી ખેતી પાછળ ખરચેલા તમામ પૈસા બાદ કરવા જોઈએ એમજ ને ?

જઃ—હા. વળી જમીનની કિંમત ઉપરનું વ્યાજ પણ ખરૂં.

સઃ—જો જમીન હમણાં ખરીદેલી હોય તો તો તેની કિંમત પડે; પણ તે પરાપૂર્વથી વારસામાં ઉતરી આવેલી હોય તો ?

જઃ—જે જમીન પરાપૂર્વથી વારસામાં ઉતરી આવેલી છે તે તો કદાચ અગાઉ ઉજ્જડ—વેરાન પડી રહેલી હશે અને તેની કિંમત પણ કંઈ હશે નહિ. અમારા બાપદાદાએ મહેનત કરીને તેને સુધારી અને તે સુધારવામાં ખર્ચ થયો હશે.

સઃ—જમીનની આજ સુધીની ઉપજમાંથી તેને કિંમત જેટલું મળી ગયું ન હોય ?

જઃ—ના.

સઃ—જાતે ખેતી કરનારા જમીનદારો અને જાતે ખેતી નહીં કરનારા જમીનદારો વચ્ચે તમે કાંઈ તફાવત ગણતા નથી ?

જઃ—ના, કારણકે આજે ખેતી કરનાર વર્ગ તે કાલે બીન—ખેતી-કાર પણ બની જાય.

સઃ—જે ખેડુત જાતે ખેતી કરે છે તેની અને જે માણસ જમીન ગણોતે આપે છે તેની વચ્ચે કંઈ તફાવત તમે ગણશો ?

જ:—ના, સાહેબ. કારણકે સુરત જીલ્લામાં જાતે ખેતી નહિ કરનારા જમીનદારો ઘણુંજ થોડા છે. પાંચ ટકા કરતાં વધારે ન હોય, અને બાકીના ખેતી કરે છે.

સ:—૭, ૮ અને ૯ મા સવાલના જવાબમાં તમે કહો છો કે ફરીથી જમાબંધી કરવા માટે (રીવીઝન સેટલમેંટ) તો ઉંચા—અસ્થિર ભાવનાં વર્ષો બાદ કરીને તે અગાઉની બધી મુદત ગણવામાં આવે તો,

જ:—પ્રથમ તો હું એમજ કહું છું કે જમાબંધીનું ધોરણ ગણોત ઉપર રચાવું ન જોઈએ. છતાં જો તમે તે ધોરણ સ્વીકારવા માગતા હો તો, દશ વર્ષની સરાસરી લો તો મને વાંધો નથી. મારા જાણવા પ્રમાણે કેટલાક જીલ્લામાં જમાબંધીનું કામ શરૂ થયું છે અને ત્યાં છેલ્લા દશ વર્ષ કે જેમા ભાવો અસ્થિરપણે ઉંચા રહ્યા છે તે તો નજ ગણાવાં જોઇએ?

સ.—તેથીજ તમે એમ કહ્યું છે કે એ ઊંચા ભાવનાં વર્ષો બાદ કરવાં?

જ:—હા.

સ:—જો તમે પ્રશ્નો તરફ નજર કરશો તો જણાશે કે હમે પણ એવાં વર્ષો બાદ કરવાનું કહ્યું છે.

જ:—છેલ્લાં દશ વર્ષની અગાઉનાં દશ વર્ષ લેશો તો ચાલશે.

સ:—જવાબ નંબર ૧૦–૧૧ માં તમે ના, કહો છો એટલે શું?

જ:—ના એટલે—

સ:—વખતના કંઇ પણ હદ નક્કી કરવી નહિ?

જ:—હું હમેશને માટે નક્કી કરવાની તરફેણમાં છું. હું તો ખેતીના ચોકખા નફાનો અમુક ભાગ સરકારને કર તરીકે મળે એમ ઠરે તે પસંદ કરૂં છું. એ કર ચોકખા નફાના વીસ ટકા કરતાં વધારે ન હોવો જોઇએ.

સ:—ખેતીના ચોકખા નફાના ૨૦ ટકા?.........જ:—હા.

સ.—૧૨ મા સવાલમા જણાવેલી યોજના વધારે વ્યવહારૂ બનાવવા કોઇ સૂચના કરી શકો છો ?

જ:—એ યોજનામા કડ કુટ ઘણી છે તેમ ખેતરે ખેતરે ફરવું પડે. અને વળી એકજ ખેતરમાં જુવાર, કપાસ, અને વાલ એવા ત્રણ ત્રણ જાતના તુલ હોય ત્યાં એમ નકશા કરવુ મુશ્કેલ થઇ પડે

સ.—જમીન મહેસુલ કાયદામા સરકારે એવુ ઠરવેલુ છે કે રિવિઝન કરતી વખતે જમીન મહેસુલની હદ તે વખતે જે જમીન મહેસુલ હોય તે કરતા મહાલ કે તાલુકને માટે ૩૩ ટકા, ગામને માથે ૬૬ ટકા અને ખેડુતને માથે વધારેમા વધારે ૧૦૦ ટકા સુધી વધારી શકાય. સરકારની આ ઠરાવેલી હદ તમે સ્વીકારતા નથી તમે તે હદ સંજોગ પ્રમાણે ખાસ જરૂર જણાય તો વધુમા વધુ તાલુકા, ગામ, અને ખેડુતને માથે ઘટાડીને અનુક્રમે ૨૦, ૩૦ અને ૫૦ ટકા ઠરવવા માગો છો ?

જ:—એવુ કહેવાય છે કે કેટલાક તાલુકામા જમાબંધી ખેડી ગણતરી ઉપર(જોઇએ તે કરતા ઓછી)થઇ છે. જો ખડતનાલાનમાજ ગામ થયું હોય તો રિવિઝન વખતે જમીન મહેસુલની હદ આના કરતા એટલે ૨૦, ૩૦ અને ૫૦ ટકા કરતાં વધવી ન જોઇએ એમ હુ કહેવા માગુ છું.

સ.—તમે તાલુકાને માટે ૨૦, ગામને માટે ૩૦ અને ખેડુત માટે ૫૦ ટકાની હદ ઠરાવવા માગો છો ?

જ:—હા. વધારેમાં વધારે હદ આનાથી વધવી ન જોઇએ.

સ:—તમે ૧૫ મા સવાલના જવાબમાં કહ્યુ છે કે હું કાયમની જમાબંધીની તરફેણમા છુ. તો કાયમની જમાબંધીની રીત દાખલ કરવામા તો હાલનો ખેડુત વર્ગ નાબુદ થઇ જાય, જમીન શાહુકારો અગર મોટા જમીનદારોના હાથમાં જતી રહે, ખરેખરા ખેડુતો (ખેતી કરનારા) અને સરકારની વચ્ચે મોટા જમીનદારોનો એક વર્ગ

ઉભો થાય, અને ત્યારે ખેડુતોનું રક્ષણ કરવું પડે, અને તેમ કરવામાં ગણોતીઆ અને જમીનદારો વચ્ચે ખટરાગ ઉભો થાય, આવું આવું થશે એ ભય તમને નથી લાગતો ? બંગાળમાં તેને પરિણામે વેર ઉભાં થયાં છે.

જઃ—હું ધારૂં છું કે અહીં પરિણામ એથી ઉલ્ટુંજ આવશે કારણ કે સુરત જીલ્લામાં મોટા જમીનદારો નથી. બંગાળામાં છે. અહીંઆં તો ૨૦૦ એકરની માલકીના જમીનદારોનું પ્રમાણ ભાગ્યેજ પાંચ ટકા જેટલું હશે. સરાસરી ૧૫ થી ૨૦ એકરના ખેડુતો છે. અહીં તો હમણાં જમીનના માલીકજ ખરેખરા ખેડુતો છે.

સઃ—જો કાયમ જમાબંધીની રીત દાખલ કરવામાં આવે તો શું સંભવિત નથી કે પૈસા ધીરનારા (ગામડાનાં શાહુકારો નહિ પણ બહારગામના કસ્બા અને શહેરના મૂડીવાળાઓ) આવીને જમીન ખરીદી બેસે અને મોટા જમીનદાર બની જાય અને તેઓ પછી તે જમીન ગણોતે આપશે ? શું આવી જાતનો ભય એમાં નથી ?

:—ના સાહેબ, એમ ન બને.

સઃ—શા માટે નહિ ? જમીન તો કપાસને લાયક અને ફળદ્રુપ છે.

જઃ—કારણકે બ્હારના શાહુકારોને એ જમીનમાં પૈસા રોકવાથી લાભ નથી. જો તમે સુરત જીલ્લાના થોડાક દાખલા લો તો માલુમ પડશે કે તેઓ તો ઉલટા જમીન વેચી દે છે.

સઃ—પણ કોઇપણ ખરીદે છે ખરૂંને ?

જઃ—ત્યાં રહેનારા (ખેડુતો) ખરીદે છે.

સઃ—સલાહકારી કમિટિમાં કાંઉસીલે ચુંટેલા બીનસરકારી સભ્યો હોવા જોઇએ એમ તમે માનો છો ?

જ:—બીનસરકારી સભ્યોનું પ્રમાણ વધારે હોવું જોઇએ. કમિટિમાં સરકારી સભ્યો હોય તો હરકત નથી.

સ:—બીનસરકારી સલાહકારી મંડળ (કમિટિ) હોવું જોઇએ એમ તમે માનો છો? સવાલમાં અમે કહ્યું છે કે "સરકારી અને બીન સરકારી સભ્યોની કમિટિ હોવી જોઇએ. હું તમારી પાસે જાણવા માગું છું કે કમિટિમાં બધાજ બીનસરકારી સભ્યો લાવવા માગો છો કે થોડા સરકારી પણ ખરા?

જ:—કમિટિમાં થોડા સરકારી સભ્યો પણ હોવા જોઇએ. હું જે કહેવા માગું છું તે એ છે કે કમિટિમાં વધુ પ્રમાણ બીનસરકારીનું હોવું જોઇએ અને તેમની ચૂંટણી કાંઉસીલે કરેલી હોવી જોઇએ. આ સવાલ ઉપર હું એક વધારે વાત કહેવા માંગુ છું અને તે એ કે કાંઉસીલે નીમેલી કમિટિ પણ, જ્યાં સુધી તેને ગ્રામ્ય, જીલ્લા અને તાલુકા કમિટિની મદદ અને સલાહ મળે નહિ ત્યાં સુધી, કંઈ સારૂં પરિણામ લાવી શકશે નહિ.

સ:—શું ત્યારે તમે જીલ્લા અને તાલુકા કમિટિ પણ નીમવા માંગો છો?

જ:—હા.

સ:—શું તમે એવી સુચના કરો છો કે જે તાલુકામાં જમાબંધીનું કામ ચાલતું હોય ત્યાં જમાબંધીના અધિકારી દર નક્કી કરે તે અગાઉ ગ્રામ્ય અથવા તાલુકા કમિટિની સલાહ લેવી જોઇએ?

જ:—હું એમજ કહેવા માગુ છું.

સ:—શું તમે એમ કહેવા માગો છો કે દર નક્કી કરવામાં આવે તે પહેલાં દરેક ગામના ખેડુતોની આવી કમિટિઓની સલાહ લેવી જોઇએ?

જઃ—હા.

સઃ—આમ કરવામાં તેમનો પોતાનો સ્વાર્થ નડશે એવો ભય નથી ?

જઃ—તાલુકા લોકલ બોર્ડ અગર મંડળના સભ્યો લેવા એવી હું સૂચના કરૂં છું. અને ત્યારપછી તાલુકાનાં ખેડુતો પૈકી એક બે પ્રતિષ્ઠિત આગેવાનો કે જેને ખેતી સંબંધી માહિતી હોય એવા લેવા. ખાસ કરીને તેજ ગામના માણસો લેવાની જરૂર નહિ.

સઃ—પ્રથમ તો, જમાબંધી અધિકારી જોઈતી હકીકત તેમની પાસે મેળવવા અને પુરી પાડેલી હકીકતની ખાત્રી કરવા તેમની સલાહ લે એ સંભવિત છે ?

જઃ—હા, જમાબંધી અધિકારી કમિટિની સાથે વિચાર કરીને પોતાનો રિપોર્ટ કરે.

સઃ—ખરી ગણતરી ઉપર આવવાને તે અધિકારી કમિટિની સાથે વિચાર કરે એટલુંજ નહિં પણ ચોકકસ નિર્ણય ઉપર આવ્યા પછી પણ તે ઉપર કમિટિનો અભિપ્રાય લે એમ તમે કહો છો ને ?

જઃ—હા.

સઃ—શું તમે એમ ધારો છો કે આ જાતનું કાર્ય કરવાને નિઃસ્વાર્થી કાબેલ પ્રમાણિક અને લાયક માણસો તમને તાલુકામાંથી મળી આવશે ?

જઃ—હું ધારૂં છું કે મળી આવશે.

સઃ—આ કામ કરવાને વખત મેળવી શકે એવા નિઃસ્વાર્થી, પ્રમાણિક, લાયક અને કાબેલ માણસો ?

જઃ—ગુજરાતમાં તો તાલુકામાં એવા એક બે માણસો મળી આવશે.

ચેઃ—હું ખુશ થાઉં છું કે ગુજરાતમાં આમ છે: મને શંકા હતી.

સઃ-૧૯ મા સવાલની બાબતમાં તમે એમ કહેવા માગો છો કે આખા સવાલનો ચોક્કસ નિર્ણય થવો જોઇએ કે જેથી સરકારની માલકી સંબધી કંઈ સૂચના રહે નહિ. પણ હમે તો સરકારનો માલકી હક છે એમ માનીએ છીએ. કારણ કે જુના વખતથી એ સરકારની માલકીનીજ છે ?

જઃ-એતો મતભેદનો સવાલ છે.

મી૦ જી. ડબલ્યુ. હેચ.

સઃ-પ્રશ્ન નં. ૪ જ્યારે તમે ખેતીના ચોકખા નફા ઉપર જમાબંધીનું ધોરણ નક્કી કરાવવા ઇચ્છો છો તો તેમ કરવામાં શું શું મુશ્કેલી આવશે તેનો હું ધારૂં છું કે તમે વિચાર કર્યો હશે ?

જઃ-તેમાં કંઇ મુશ્કેલી આવશેજ નહિ.

સઃ-જમીનના દરેક ટુકડાની પેદાશની તજવીજ નહિ કરાવવી પડશે

જઃ-ખાસ કરીને નહિ. દરેક ગામમાં જુદી જુદી દિશામાં જુદી જુદી જાતની જમીન હોય હોય છે. જો તમે અમુક ગામે જાઓ તો તમને ઉત્તર દક્ષિણ વિગેરે ચારે દિશામાં જમીન કેવી છે તે ખબર પડશે. એક દિશાની ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ટમાંથી એક એક લો અને ત્યાર પછી એજ પ્રમાણે બીજી દિશામાં જઇને કરો.

સઃ-જુદી જુદી જાતની ખેડ કરવાની રીતનો સવાલ ઉભો નહિ થશે ? કોઇ સંભાળ પૂર્વક ખેડ કરે અને કોઈ નહિ.

જઃ-સાહેબ તે તો આપો આપજ સમજાઇ જશે. કારણ કે આપણે બેદરકાર ખેડુતનો પાક પણ લઈશું. અને તે સરેરાસમાં આવી જશે.

સઃ—આ પ્રમાણે તો સરેરાશ કાઢવાને માટે ઘણા પાકો લેવા પડશે, નહિ વારૂ ? એક કાળી જમીનનો અને બીજો ગોરાટ જમીનનો લઇએ તો તે પુરતું થઇ પડશે નહિ ખરૂ ને ? વળી જુદી જુદી જાતના ખેડુતોનો સંખ્યાબંધ જુદો જુદો પાક લેવો પડશે ખરૂં

જઃ—હા.

સઃ—ત્યારે તો દરેક ગામમાં અજમાયસી પાકની સંખ્યા ઘણી લેવી પડશે નહિ વારૂ ?

જઃ—હું બીજા જીલ્લાની વાત જાણતો નથી. પણ સુરત જીલ્લામાં એક ખેડુત પાસે પોતાની બધી જમીન એકજ દિશામાં હોતી નથી; પણ તે જુદી જુદી દિશામાં હોય છે. બાર ખેતર લઇએ તો તેમાં બેદરકાર ખેડુત પણ આવી જશે. કારણકે તેની બધી જમીન એકજ દિશામાં હોતી નથી.

સઃ—જો ઉંચા ભાવનાં વર્ષો બાદ કરતાં બાકી રહેલાં વર્ષોની સરેરાશ લેવામાં આવે તો, ૭, ૮, અને ૯ માં સવાલનો જવાબ, તમે હકારમાં આપો છો. તમને એમ નથી લાગતું કે આજથી ૨૦ અગર ૨૫ વર્ષ ઉપર અપાયલાં ગણોત નક્કી કરવાં એ બહુ કઠણ છે.

જઃ—મેં હમણાંજ ચેરમેન સાહેબને કહ્યું છે કે છેલ્લાં લડાઇના વખતના અને હદપારના ભાવનાં દશ વર્ષ બાદ કરી તેની અગાઉના દશ વર્ષનું સરેરાશ લો તો મને વાંધો નથી.

રાવસાહેબ, ડી. પી. દેસાઇ.

સઃ—તમારા જીલ્લાની કપાસની જમીનની પેદાશ ઉપર શું દર છે તેનો દાખલો આપશો ? હું જાણું છું ત્યાં સુધી એ જીલ્લો આખા ઇલાકામાં કપાસની ઉત્તમ જમીનનો ભાગ છે. કપાસની જમીનની પેદાશ ઉપરના કરનો દાખલો આપશો ?

જઃ—એક એકર સારી જમીનમાં આશરે રૂ. ૭૨ નો કપાસ પાકે છે.

સઃ—કુલ આવક ઉપર જમીન મહેસુલનું પ્રમાણ શું છે? એક એકર જમીનની પેદાશની કિંમત કેટલી ઉપજે?

જઃ—આશરે ૭૨ રૂા. આ સારી જમીનનો ઉતાર છે.

સઃ—જમીન મહેસુલ શું છે?

જઃ—છ થી સાત રૂપિઆ.

સઃ—આકાશી પાક ઉપરનો આ દર છે?

જઃ—હા.

સઃ—ચોર્યાશી, ઓરપાડ અને બારડોલી જ્યાં કપાસ થાય છે ત્યાં દર એકરે કેટલી ચોકખી ઉપજ થાય છે? જેનો ખર્ચ તમે પ્રેસીડંટ સાહેબને ગણાવ્યો છે તે તમામ બાદ કરીને ચોખ્ખો નફો કહો.

જઃ—મેં જે ખર્ચ ગણાવ્યો તે રૂા. ૩૨ નો થયો એટલે રૂા. ૪૦ રહ્યા. હવે દરેક કુટુંબ દીઠ ૨૦ એકર જમીન લઈએ તો તે ઉપર દેખરેખ રાખવા એક માણસ જોઈએ તેનો ખર્ચ દર મહીને રૂા. ૩૦ એટલે વાર્ષિક રૂા. ૩૬૦ એટલે દર એકરે રૂા. ૧૮ પડ્યો- જો એ રૂા. ૧૮ બાદ કરીએ તો બાકી રૂા. ૨૨ રહે. હવે જમીનની કિમ્મત ઉપરનું ૪ ટકા પ્રમાણે વ્યાજ રૂા. ૧૬) થાય તે બાદ કરીએ તો બાકી રૂા. ૬) રહે અને તેમાંથી શરકારને જમીન મહેસુલ ભરવાનું.

સઃ—રૂા. ૬ બાકી રહે તેમાંથી રૂા. ૬ સરકાર મહેસુલના ભરો ખરૂં ને?

જઃ—હા.

સઃ—તમે પેલા (દેખરેખ દાખવાના) રૂા. ૧૮ નહિ બાદ કરો તો?

જઃ—તો દેખરેખ રાખવાનું કામ હમારે જાતે કરવું પડે, અને તે રૂા. ૧૮ બચે.

સઃ—જમીનની કિમ્મત ૪૦૦ રૂપીઆ ગણો; તો તમારી ગણતરી પ્રમાણે જમીનમાંથી નફો કંઈ નહિ. ખરૂં ને ?

જઃ—જમીનની કિમ્મતની ઉપર આધાર રાખી ગણતરી કરી શકાશે નહિ.

સઃ—ત્યારે તો ખેડુતને દેખરેખ રાખવા બદલ જે કંઈ બચે તેથીજ સંતોષ માનવાનો રહ્યો; નહિ વારૂ ?

જઃ—હા.

સઃ—એમ કહેવામાં આવ્યું છે કે જો જાથુકની જમાબંધીનું ધોરણ દાખલ કરવામાં આવે તો જમીન પૈસા ધીરનાર શાહુકારોના અગર મુડીવાળાઓના હાથમાં જતી રહે. તમે કહો છો કે તેમ નહિ બનશે. એમ નહિ બનવાનાં તમારાં કારણો મને જણાવશો ?

જઃ—હમણાં તો મુદતી જમાબંધીનાં ધોરણને લઇને ખેતીનું ધોરણ અનિશ્ચિત રહે છે; પણ જો કાયમની જમાબંધીનું ધોરણ અખત્યાર થાય તો ખેડુતને પોતાની માલકી સંબંધી ખાત્રી થાય અને તે પોતાની જમીન સુધારવાને અને તેમાંથી વધારે પાક ઉત્પન્ન કરવાને વધારે ધ્યાન આપે.

સિટિંગનું કામ બીજા દિવસ ઉપર મુલતવી.

ગુરૂવાર તા. ૨૫-૬-૨૫.

રાવસાહેબ ડી. પી. દેસાઈ.

સઃ—તમે કહ્યું છે ને કે ચોકખી ઉપજ રૂ. ૨૨ ની ?

જઃ—રૂા ૨૧-૮-૦ની.

સઃ—ઉત્તમમાં ઉત્તમ કપાસની જમીનની ચોકખી ઉપજ ખરૂંને ?

જ:—હા. સરખામણીમાં ઉત્તમ જમીન અને આજનો ખાંડીનો ભાવ રૂા. ૫૩૦ જે ઘણોજ ઉંચો છે, તે ગણ્યા તો.

સ:—તમે પાકની નિષ્ફળતા અને મોંઘવારીનાં વર્ષ ધ્યાનમાં લીધાં નથી ખરૂંને ?

જ:—ના. આ વર્ષ કપાસના પાકને માટે ઉત્તમ છે અને તેથી મેં ઉત્તમ ખેતરની આ વર્ષની પેદાશ લીધી છે.

સ:—સરકારે કપાસની એકરે સરેરાશ ઉત્પન્ન ૮૦ પૌંડ લીધી છે તેજ તમારા જિલ્લાની સરેરાશ પેદાશ છે ખરૂંને ? એટલે ૮૦×૩= ૨૪૦ પૌંડ.

જ:—આશરે ૨૦૦ પૌંડ.

સ:—તમારા જીલ્લામાં ભાતની ક્યારીનો દર શું ?

જ:—રૂા. ૫ જમીન મહેસુલનાં (દર એકરે) અને રૂા. ૫ પાણીના. સરકાર તરફથી પાણી પુરૂં પાડવામાં આવતું નથી. વરસાદનાં પાણીની કિમ્મત લેવાય છે. ખેડુતના ખર્ચથી ક્યારી બનાવવામાં આવે છે અને એને હું જમીનનો સુધારો કહું છું.

સ:—એટલે કે પાંચ રૂપિઆ જમીન સુધરામણીના લેવાય છે ખરૂંને ?

જ:—હા.

સ:—જમીન સરખી તમે કરી છે. સરકારે નહિ ખરૂં ને ? એના ખર્ચમાં સરકાર કંઈ ફાળો આપે છે કે ?

જ:—ના.

સ:—કપાસની જમીન ઉપર એકરના સરેરાશ તમારે રૂા. ૧૦ આપવા પડે છે ને ?

જ:—હા.

સ:—જરાયત જમીન કરતાં કપાસની જમીનની કિમ્મત વધારે ઉપજે છે કે?

જ:—હા, કેટલીક જગ્યાએ એમ બને છે.

સ:—સાધારણુ રીતે ભાતની ક્યારીની સ્થિતિ કેવી છે?

જ:—પાકની દ્રષ્ટિએ તો ભાત અને રવિ તુલની જમીનમાં ઝાઝો ફરક નથી.

સ:—ચેખ્ખો નફો પણ સરખોજ?

જ:—હા. પંદર વર્ષની સરાસરી લો તો સરખોજ.

સ:—જ્યારે રૂા. ૧૦જમીન મહેસુલ દર એકરે ભરવું પડે છે ત્યારે તો ચોકખા નફા જેવું કંઈ રહે નહિ ખરૂંને?

જ:—નહિ.

સ:—ત્યારે શુ ભાતની ખેતી નુકસાન વેઠીને કરો છો?

જ:—કેટલાક ગામોમાં એમ ખરૂં. તે ગામોમાં ભાતનો પાક કરતા નથી છતાં દર ભરવો પડે છે.

સ:—પારડી તાલુકાની આર્થિક સ્થિતિ તપાસવા નીમાયલી કમિટિના તમે એક સભ્ય હતા?

જ:—હા.

સ:—ત્યાં ઘણીખરી ભાતની ક્યારી છે ખરૂં ને?

જ:—હા.

સ:—ત્યાં ખેડુતોની સ્થિતિ તમને કેવી લાગી?

જ:—ઘણીજ કંગાળ.

સઃ—ત્યાં ભાતની ખેતીમાં ચોખ્ખો નફો શું રહે તે તમે શોધી કાઢ્યું હશે, તે નફો મને કહેશો ?

જઃ—એકરે આશરે રૂ૧૦ ૩.

સઃ—ક્યારીનો દર બાદ કર્યા પછી ?

જઃ—ના, બધીજ જમીનમાં એમ નથી. કેટલીક જગ્યાએ ખોટ પણ હતી. જમા કરતાં ઉધાર પાસું વધારે હતું.

સઃ—હું માનું છું કે તમે ઘણાં ગામોમાં તજવીજ કરી હતી, નહિ વારૂ ?

જઃ—એક ડઝન કરતાં વધારે ગામોમાં.

સઃ—તમને સઘળા સરકારી કાગળો જોવા દીધા હતા.

જઃ—હા.

સઃ—તમે ચેરમેનને કહ્યું છે કે જો કાયમની જમાબંધી કરવામાં આવે તો ખેડુતો મૂડીવાળાને પોતાની જમીન વેચી દે એવો સંભવ નથી. એમ નહિં થવાનાં કારણું આપશો ?

જઃ—હા મને યાદ છે કે ચેરમેન સાહેબે પુછ્યું હતું કે એથી સઘળી જમીન મૂડીદારોના હાથમાં જતી રહે એવો સંભવ હતો અને તેમણે બંગાળાનો દાખલો આપ્યો હતો. પણ બંગાળા અને મુંબઇ વચ્ચે તફાવત છે. ત્યાં જમીનદારી જમાબંધી અને અહીં રૈયતવારી છે. અને તેથી ખેડુતોનાં હાથમાંથી જમીન જતી રહેવાનો સંભવ નથી. એથી ઉલટું તેમની સ્થિતિ વધારે સારી થશે.

સઃ—તમે ધારો છો કે તેમને (ખેડુતને) ઓછા દરે પૈસા મળશે ?

જઃ—ખરેજ; જો કાયમી જમાબંધી બંધાયતો.

સ:—હાલનો વ્યાજનો દર ઉંચો નથી શું ?

જ:—હા તેમ છે.

સ:—હાલમાં બેન્કરો ખેડુતોને કેટલા ટકાના વ્યાજના દરે પૈસા ધીરે છે.

જ:—૯થી૧૨ ટકા પ્રમાણે.

સ:—૯થી૧૨ ટકાનો કો—ઓપરેટીવ બેન્કનો દર છે ખરૂંને ?

જ:—વ્યાજનો દર એક સરખો નથી. કેટલાક મહીને દોઢ ટકો લે છે. એટલે વાર્ષિક ૧૮ ટકા.

સ:—સરાસરી દર શું છે ?

જ:—દશથી બાર ટકા.

સ:—શું તમે એમ ધારો છો કે પૈસાની સલામતી માટે જમીન એ સૌથી સારામાં સારી જામીનગીરી છે ! (જમીન આડમાં રાખવી એ પૈસાની એક સારામાં સારી જામીનગીરી છે ?)

જ:—હા.

સ:—અને તેમ છતાં પણ શાહુકારો ઉચો વ્યાજનો દર લે છે? આવી સદ્ધર જામીનગીરી ઉપર પણ આવો મોટો દર લેવાનું શું કારણ ?

જ:—જમીનની માલીકીની અનિશ્ચિતતા.

સ:—તમે જમાબંધી માટે ૯૯ વર્ષની ભલામણ શા માટે કરો છો ?

જ:—કંઈ નહિ કરતાં કંઇ મળે તે સારૂં. જો કાયમની જમાબંધીનું ધોરણ નહિ નક્કી થાય તો પછી લાંબામાં લાંબી મુદત સારી. હું હજી પણ ધારૂં છું કે કાયમની જમાબંધી સારી.

સ:—તમારા ૧૯મા સવાલના જવાબની બાબતમાં પૂછવાનું કે તમે શા આધારે જમીનની માલકી સરકારની છે અને તમારી નથી

એમ માની લો છો ? તમારા સુરત જીલ્લામાં જમીનની માલકી સરકારની ગણાય છે અને ખેડુતની નથી ગણાતી એમ શા આધારે કહો છો ?

જઃ—જમાબંધીની રીતજ કહી આપે છે કે ખેડુતો તો માત્ર ગણોતીઆ છે અને જમીન સરકારની છે. જમાબંધીનો કાયદો (લેન્ડ રેવેન્યુ કોડ) એમ કહે છે.

સઃ—તમે એમ માનો છો કે માલકીહક ખેડુતને આપી દેવો જોઇએ?

જઃ—હા.

સઃ—તમે તમારી જમીન ઉપર હાલ કંઇ બાંધકામ કરી શકો છો ?

જઃ—ના. ખેતીની જમીન ઉપર વધારાનું કીરાયું ભર્યા સીવાય નહિ.

સઃ—તમને પરવાનગી આપવી કે તે નહિ કલેકટરની સત્તા છે ?

જઃ—હા

સઃ-તે તમને બાંધકામ કરવાનો અટકાવ કરી શકે ?

જઃ—હા.

સઃ—તે હક તમને પાછા મળે એવું ઇચ્છો છો ?

જઃ—હા.

મી૦ ડી. આર. પાટીલ.

સઃ-શું તમે એમ ધારતા નથી કે ગણોત ઉપરથી નક્કી કરેલું જમાબંધીનું ધોરણ ખેડુતોને નુકશાનકર્તા થઇ પડશે ?

જઃ—હું જાણુતો નથી; કારણ કે તે પદ્ધતિને હું જરાપણ અનુમોદન આપતો નથી. એ ધોરણ સહીસલામત નથી.

સઃ—શું તમે એમ નથી ધારતા કે ખેતીની ચોક્ખી આવક ઉપરથી જમાબંધીનું ધોરણ નક્કી કરવું એ સારામાં સારી રીત છે?

જઃ—હા.

સઃ—શું તમે એમ નથી ધારતા કે ગણોત પદ્ધતિ એ ખેડુતનાં ગેરલાભમાં જશે?

જઃ—હા, ખરેજ.

સઃ—શું તમે એમ માનો છો કે જમીનદારો ગણોતને નામે, ભાડું તેમજ જમીનમાં રોકેલી મૂડી ઉપરનું ભારે વ્યાજ લઈ લે છે?

જઃ—કેટલીક વાર એમ બને પણ ખરૂં. પણ ભારે વ્યાજ તો નહિ. અલબત, તેઓ ગણોત ઠેરવવામાં જમીનની કિમ્મત ઉપરનાં વ્યાજનો પણ ખ્યાલ રાખે છે.

સઃ—જો ગણોતના ધોરણ ઉપર જમાબંધીનું ધોરણ નક્કી કરવામાં આવે તો તેનાં શું માઠાં પરિણામ આવે તેની તમને ખબર છે?

જઃ—ગણોતનો આધાર ખપ અને જરૂરીઆતની ઉપર છે. જો ગામમાં ખેડવા લાયક જમીન વધારે હોય અને થોડી વસ્તી હોય તો ગણોત વધારે ઉપજે નહિ; પણ વસ્તી વધારે હોય અને પ્રમાણમાં ખેડવા લાયક જમીન ઓછી હોય અને લોકોને ખેતી સિવાય બીજો ધંધો ન હોય તો ગણોત વધારે ઉપજે. આમ હોય ત્યાં જે ગણોત માગે તે આપવું પડે. માલને બજારમાં મુકવાની અને વ્યવહારનાં માર્ગની સગવડતા પર પણ કેટલોક આધાર છે. પણ અમારા જીલ્લામાં મુખ્ય મુશ્કેલી એ છે કે ગણોત અગાઉથી લેવાનો રીવાજ નથી. માત્ર ગણોત આપવાનું તેઓ કબુલ કરે છે. અને જો બીજે વર્ષે પાક ન થાય તો કંઈ આપે નહિ. માટે ગણોતપટામાં જે ગણોત બતાવ્યું હોય તે ખરેખર અપાતું ગણોત નથી.

સઃ—તમે એમ નથી ધારતા કે ખેડુતની આબાદાની એજ સરકારનો આધાર છે ?

જઃ—હા.

સઃ—ખેતીવાડી એજ મુખ્ય ઉદ્યોગ છે. ખરૂં ને ?

જઃ—હા.

સઃ—ત્યારે તમે એમ કબુલ કરશો કે ખેડુત વર્ગની સ્થિતિ સુધરે એવી નીતિ સરકારે અખત્યાર કરવી એ જરૂરનું છે ?

જઃ—હા.

સઃ—પરદેશી બનાવટોની હરિફાઇમાં ન ઉતરી શકાવાથી કેટલાક કારીગરો અને વણકરો જેઓ પોતાના બાપદાદાના ધંધા ઉપર પોતાનું ગુજરાન ચલાવતા હતા તેઓ તે ધંધો મૂકી દઇને ખેતી તરફ વળ્યા છે, એ વાત ખરી છે ?

જઃ—હા.

સઃ—તમે એમ નથી ધારતા કે ઘણા ખેડુતોને પોતાનું ગુજરાન ચલાવવાને ખેતી પુરતું સાધન નથી અને તેઓને સાથે સાથે બીજો પણ ધંધો કરવો પડે છે ?

જઃ—સાધારણ રીતે એમ ખરૂં.

સઃ—પૈસા સંબંધીની ખેડુતોની સ્થિતિ કેવી છે.

જઃ—સારી નથી.

સઃ—તમે એમ કહી શકો કે જો આપણે ખેડુત ખેતીમાંથી જે પેદા કરે તે અને જમીન ખેડવાનો ખર્ચ એ બન્ને સરખાવીએ તો આવક કરતાં ખર્ચ વધી જાય ?

જઃ—હા. જો જમીનની કિમ્મત ઉપરનું અગર વ્યાજે લીધેલાં નાણાંનું વ્યાજ પણ ગણીએ તો.

સઃ—જો આપણે ખેતીનો ખર્ચ ધ્યાનમાં લઇએ, એટલે કે જો આપણે ખેડુતના કુટુંબનાં માણસો જે મહેનત કરે તેનો ખર્ચ પણ ગણીએ અને બીજો એ અંગેનો તમામ ખર્ચ ગણીએ, તો તમે નથી ધારતા કે આવક કરતાં ખર્ચ વધી જાય ?

જઃ—હું ખાત્રી પૂર્વક કહી શકું નહિં. જો ખેડુતનાં કુટુંબનાં માણસોની મજુરી ગણો તો તેમ થાય ખરૂં. ખરાબ વર્ષમાં નુકશાન જાય અને તે સારાં વર્ષમાં કદાચ ભરપાઈ પણ થઇ જાય.

સઃ—તમારી જાણ પ્રમાણે સુરત જીલ્લામાં સારામાં સારી જમીનનો વધારેમાં વધારે મહેસુલ દર શું છે ?

જઃ—જરાયત જમીનનાં ૭ થી સાત અને ક્યારીના ૧૧ થી ૧૨.

સઃ—તમે એમ ધારો છો કે જમાબંધીનું જે ધોરણ નક્કી કરવામાં આવે તે છેવટની મંજુરી માટે કાઉંસીલમાં તરતજ મોકલવું જોઇએ ?

જઃ—હા.

સઃ—જમાબંધીનું જે ધોરણ નક્કી કરવામાં આવે તે પ્રથમ કેબિનેટ ઉપર વિચાર કરવા મોકલવું અને ત્યાં જો કંઇ મતભેદ પડે તોજ લેજીસ્લેટીવ કાંઉસીલ ઉપર મોકલવું એ વિચાર તમને ઠીક લાગે છે ?

જઃ—હું ધારૂં છું કે કોઈ પણ સંજોગોમાં આ બાબત કાઉંસીલ આગળ આવવી જોઇએ.

સઃ—જમાબંધી સંબંધીની ભલામણો પ્રથમ કેબિનેટ ઉપર મોકલવી જોઇએ એ વાત તમે સ્વીકારો છો ?

જ:—તેમ થાય તો મને કંઇ વાંધો નથી.

સ:—તમે આ વિચારને અનુમોદન આપો છો ?

જ:—છેવટ તો કાઉંસીલથીજ એનો નિર્ણય થવો જોઇએ.

સ:—કાઉંસીલમાં જનાર છે એટલે પ્રથમ કેબીનેટમાં મોકલવાની જરૂર નથી એમ તમે માનો છો ?

જ:—જો કેબીનેટ આગળ જાય તો મને કંઇ હરકત જણાતી નથી.

સ:—જમાબંધીનાં ધોરણોની ભલામણ ઉપર વિચાર કરવાને કાઉંસીલના મેમ્બરો સિવાય બીજા માણસોની પણ નીમણુક થવી જોઇએ. આ વિચાર તમને ગમે છે ?

જ:—મેં તો કાલે કહ્યું હતું કે હું તો ગ્રામ્ય કમિટિ નીમવાની તરફેણમાં છું. જમાબંધી અધિકારી આ કમિટિની સાથે વિચાર કરીને પોતાની ભલામણો મોકલે. જો કમિટિ આ અધિકારીથી જુદી પડે તો તેને જુદા પડવાની વિગત અને જમાબંધી સંબંધી ભલામણો મોકલવાનો હક હોવો જોઇએ. અને આ બધા કાગળો કેબીનેટ આગળ જાય અગર ન જાય પણ લેજીસ્લેટીવ કાઉંસીલ આગળ તો આવવાજ જોઇએ.

સ:—પેશ્વા, મોગલ, અને મરાઠાના વખતમાં એવું કંઇ છે કે જેથી જમીનની માલકીનો હક સરકારનો છે એવું બતાવી શકાય ?

જ:—હું તે સંબંધી જાણતો નથી; ઉલટું જુના હિંદુ રાજાઓનાં વખતમાં તો તેઓએ તો જમીનની માલીકી સંબંધમાં કંઇ હક પણ કર્યો નહતો.

સ:—તમે એમ કબુલ કરો છો કે એક સરખી રીતે ખેતી થયા કરવાથી જમીનનો કસ ઉતરી ગયો છે ?

જ:—હા.

સઃ—શું આ વાત ખરી છે કે ખેડુતો પોતાની ગરીબાઇને લીધે જમીનનો કસ વધારવાને એટલે ફળદ્રુપ બનાવવાને ખાતર પણ આપી શકતા નથી ?

જ:—ઘણુંખરૂં એમ છે ખરૂં ?

સઃ—ત્યારે તો સ્વાભાવિક રીતે જમીનનો કસ ઉતરતો જાય છે, ખરૂં ને ?

જ:—હા.

સ:—જમીનનો કસ ઉતરી જાય એથી લોકો ગરીબ ન થતા જાય ?

જ:—હા. થતાજ જાય.

સરદાર જી. એન. મજમુદાર.

હું સુરત જીલ્લાના ઇનામદારો પૈકીનો એક છું. જે અર્થમાં સરકારનો જમીન ઉપર માલકીનો હક છે તે અર્થમાં મારા ઇનામી ગામની જમીન ઉપર મારો માલકીનો હક નથી. જો ખાલસા ગામોમાં સરકાર જમીન ઉપરથી ખુશીથી પોતાનો માલકી હક ઉઠાવી લે તો હું પણ ખુશીથી મારી ઇનામી જમીન ઉપરથી માલકીનો હક ઉઠાવી લઉં. જમીનની માલકી, અને તેની ઉપરનો પોતાનો હક સરકારે ઇનામદારોને આપ્યો અને તે હકો જો સરકાર જતા કરે તો એની મેળેજ ઇનામદારોનો માલિકી હક જતો રહે. સ્ટેંડીંગ કમિટિ અગર સલાહકારક કમિટિમાં ઇનામદારોનો પ્રતિનિધિ પણ હોવો જોઇએ.

જે ઇનામી ગામોની જમાબંધી (માપણી) થઇ નથી ત્યાં ઇનામદારો આજુબાજુના ખાલસા ગામોની જમીનનાં ધોરણે જમાબંધી બાંધે છે.

સઃ—કોઈ એવાં માપણી થએલાં ઈનામી ગામો છે કે જ્યાં મહેસુલનો દર આજુબાજુનાં સરકારી ગામોના દર કરતાં ઓછો હોય?

જઃ—એક બે હશે. હું એ વિષે વધારે જાણતો નથી.

મી૦ આર. ડી. સીન્હે.

સઃ—'નફા'ને બદલે 'ચોકખો નફો' એમ ગણવામાં આવે તો તો હાલના જમાબંધીના કાયદાની ૧૦૭ મી કલમનું ધોરણ તમે સ્વીકારો છો, ખરૂં ને?

જઃ—હા.

સઃ—પ્રથમ તમે એમ સ્વીકારો છો કે ખેતીની જમીનની બાબતમાં કેવળ ખેતીનો ચોખ્ખો નફોજ ગણાવો જોઇએ અને બીજુ કંઈ નહિ?

જઃ—હા.

સઃ—એ કલમની અંદર જમીનની કિમ્મત પણ ગણવામાં આવેલી છે એવો સદરહુ કલમનો અર્થ સ્વીકારો છો?

જઃ—તે તો હું ધારૂં છું કે બીન ખેતી-લાયક જમીનની બાબતમાં છે.

સઃ—છતાં પણ ખેડલાયક જમીનની બાબતમાં એ અર્થ ગણવામાં આવ્યો હોય તો તે તમે સ્વીકારો છો?

જઃ—નહિ.

સઃ—તમને એમ નથી લાગતું કે ચોખ્ખો નફો શોધવામાં ઘણી મુશ્કેલી નડશે?

જઃ—હું ધારૂં છું કે હાલની પદ્ધતિ કરતાં એમાં વધારે કડાકુટ નથી. હમણાં તો જમીનની ફળદ્રુપતા અને જમીનનો કસ નક્કી કરવો

પડે છે. અને તેથી ગામના ખેતરોની માપણી કરવી પડે છે તેજ પ્રમાણે આ પણ શોધી શકાય.

સઃ—તે કેવી રીતે કરી શકાય ?

જઃ—મેં જેમ કાલે કહ્યું તેમ ઉંચા ભાવોનાં છેલ્લાં દશ વર્ષ જતાં કરી (૧૯૧૪–૨૪) તમે તે પહેલાંનાં દશ વર્ષનાં ભાવો લો. સરાસરી પાક, મજુરીનો ખર્ચ અને એવી બીજી બાબતો લો અને ત્યાર પછી તે ઉપરથી ચોકખા નફા ઉપર આવો. ૧૯૧૫ પહેલાનાં દશ વર્ષનાં અનાજ અને કપાસના સરાસરી ભાવ લો.

સઃ—ઉધાર બાજુએ તો સંખ્યાબંધ વિગતો આવશે. જે બધી હિસાબમાં લેવી પડશે. અને તેમ કરવામાં શું એવો સંભવ નથી કે ઉધાર બાજુએ દરેક વિગતે કઈ કઇ રકમ મૂકવી તેની તકરાર ઉઠશે ?

જઃ-જો તમે ગામનાં એક બે માણસની મદદ લો તો મુશ્કેલી દૂર કરી શકાશે.

સઃ—જમાબંધીનું કામ એકલી સરકાર તરફથીજ થાય એવું તમે માંગતા નથી. એ ખરૂં છે ?

જઃ—હા. મેં કહ્યું છે કે તાલુકા લોકલ બોર્ડનો એક મેમ્બર અને જે ગામની જમાબંધી કરવાની હોય તે ગામના એક બે ગૃહસ્થો જમાબંધી અધિકારી સાથે કામ કરે. એક તાલુકા લો. બો મેમ્બર. અને એક સરકારી મેમ્બર પછી તે ખેતીવાડી ખાતાના ડેપ્યુટી ડાયરેકટર અથવા પ્રાંત ઓફીસર હોય. પણ આ તો બધી વિગતમાં ઉતરવાની વાત છે.

સઃ—સરકારી અધિકારી અને ચુંટેલા સભ્યો વચ્ચે મતફેર પડે ત્યાં શું કરવું ? તે બાબત તમે શું સૂચના કરો છો ?

જ:—તેઓ પણ તેમનો રિપોર્ટ મોકલે.

સ:—મી. શીવદાસાનીની યોજનાની બાબતમાં તમે કહો છો કે તમો તેના સિદ્ધાંત–મૂળ તત્વ સાથે સંમત છો પણ તેને વધારે વ્યવહારૂ બનાવવી પડશે. તેમ કરવા તમે શું સૂચના કરો છો?

જ:—મેં એનો લાંબો વિચાર કર્યો નથી, હું ધારૂં છું કે એ વ્યવહારૂ યોજના નથી.

સ:—૧૯મા સવાલના જવાબની બાબતમાં તમે એમ માનો છો કે જે જમીનમાં ચોકખો નફો રહેતો નથી તેનું કંઈ પણ મહેસુલ લેવું નહિ?

જ—ખરે નહિ જ.

મી૦ એ. ડબલ્યુ. ડબલ્યુ. મેકી.

સ:—ચોકખા નફાની બાબતમાં તમે ઉધાર બાજુએ તમારૂં એટલે ખેડુતનું મહેનતાણું પણ દાખલ કરવા માગો છો?

જ:—મેં એક નોકરના રૂ. ૩૬૦ મૂક્યા છે.

સ:—ખેડુતની મહેનતનું કંઇ નહિ?

જ:—ના,

સ:—તમે જમીનની કિમ્મતનું વ્યાજ પણ મૂક્યું છે?

જ:—મેં તે મૂક્યું નથી. જો હું તે મૂકું ત્યારે તો કંઇજ રહે નહિ. મેં આ વર્ષના ૨૧ રૂા ગણ્યા છે. મેં જમીન મહેસુલ પણ ગણ્યું નથી, જો તમે વ્યાજ ગણો ત્યારે તો ખોટ આવે.

સ:—જમીનની કિમ્મતનું વ્યાજ એ પણ તમે ખેતીના ખર્ચ તરીકે ગણો છો?

જઃ—હા.

સઃ—જો એ ખેતી ખર્ચ ગણાતો હોય તો ચોકખા નફાની ગણત્રીમાં તે પણ બાદ જવો જોઇએ.

જઃ—હા.

સઃ—કુલ ખેતીની પેદાશ તમારી પાસે છે, તેમાંથી વ્યાજ બાદ કરો. અને બીજો પણ ખર્ચ બાદ કરો. જમીન મહેસુલ પણ બાદ કરો અને પછી જે રહે તે ચોકખો નફો. ખરૂને ?

જઃ—હા. જમીન મહેસુલ સિવાયનો.

સઃ—જમીનની કીમત ઉપરનું વ્યાજ નક્કી કરવા સારૂ, જમીનની કીમ્મત તમે ક્યા વખતની ધરશો ?

જઃ—જે વખતની પેદાશ ગણીએ તે વખતની. જો ચોખ્ખી પેદાશ તમે ૧૯૧૪–થી ૧૯૨૪ સુધીની લો, તો તેજ મુદતની જમીનની સરેરાશ કિમ્મત લો.

સઃ—ધારો કે તમે ભલામણ કરો છો, તે જમાબંધીની રીત દાખલ કરવી છે, તો તમે ગણત્રી માટે છેલ્લાં દશ વર્ષ લેશો ?

જઃ—લડાઇ અગાઉનાં દશ વર્ષ.

સઃ—ધારો કે ચોખ્ખો નફો ૬૦ રૂ. છે. અને વ્યાજનો દર ૭ ટકા ગણીએ તો જમીનની કિમ્મત કેટલી ગણવી ? તમે તે કેવી રીતે શોધી શકશો ? તમારી પાસે ચોખ્ખો નફો રૂ. ૬૦ નો છે.

ચેરમેનઃ—એમણે કાલે કહ્યું હતું કે ચોકખો નફો ૨૦ થી ૨૨, ૨૦ ના ૨૦ પટ કરીએ એટલે રૂ. ૪૦૦ જમીનની કિમ્મત, અને ૭ ટકા પ્રમાણે તેનું વ્યાજ એમને રૂ. ૨૪. જોઇએ.

સઃ—જમીનની જે કિમ્મત આપે તે ઉપર ૬ ટકા વ્યાજ જોઈએ ખરું ને?

જઃ—હા.

સઃ—ચોખ્ખો નફો શું ત્યારે?

જઃ—૨૦×૨૦ વર્ષ = રૂા. ૪૦૦: એકરની કિમ્મત.

સઃ—કિમ્મત ઉપર ૫ ટકા વ્યાજ ગણો. એટલે ૨૦ રૂપીઆ આવશે. તે તમારા હિસાબમાં ગણો.

જઃ—મારે પણ મારા શાહુકારોને વ્યાજ આપવું પડે. લગભગ ૮૦ ટકા ખેડુતો વ્યાજે પૈસા લે છે.

સઃ-તમે રૂા. ૪૦૦ જમીનમાં રોકો. તેમાંથી તમને રૂા. ૨૦ વ્યાજ મળે અને રૂા. ૨૦ નફો રહે. એટલે કે તમને રૂા. ૪૦ મળે. ૪૦ એ ૪૦૦ ના કેટલા ટકા?

જઃ—૧૦.

સઃ—એટલે બજારના વ્યાજના દર કરતાં બમણો ખરું ને?

જઃ—જો તમે ૨૦ રૂા. વ્યાજના ગણો તો નફો કંઇ રહે નહિ.

સઃ—ત્યારે તો કંઈ ચોકખો નફો થાયજ નહિ?

જઃ-જો તમે જમીનની કિમ્મતનું વ્યાજ આપો તો ચોકખો નફો થવો એ તો અસંભવિત છે.

સઃ—હું કબુલ કરું છું કે કંઈ નહિ. પણ તે ક્યારે કે જો જમીનની કિમ્મતનું રૂા. ૪૦ વ્યાજ ગણીએ તો.

ચેરમેનઃ—સઘળો ખર્ચ બાદ કર્યા પછી ચોકખો નફો રૂા. ૨૦ રહે. તેમાં વ્યાજ પણ આવી જાય. એ નફો વ્યાજ બાદ કર્યા પછીનો નથી.

સઃ—ત્યારે ચોકખા નફા ઉપર આવવાને જમીનની કિમ્મતનું વ્યાજ બાદ કરવાની ભલામણ તમે કરતા નથી. સઘળો ચોકખો નફો તમે ગજવામાં મૂકવા માગો છો ?

જઃ—મેં તો ખરેખરી સ્થિતિ કહી છે. વ્યાજ બાદ કરો ત્યારે તો કંઈ બાકી રહે નહિ.

સઃ—જમીનની કીમ્મત ઉપરનું વ્યાજ ગણો તો કાંઇ નફો રહે નહિં; ખરૂં ?

ચેરમેનઃ—ખરી રીતે તો જમીન મહેસુલ ગજવામાંથી ભરવું પડે, એ તો ખરેખરૂં નુકશાન છે. ખેતીનો ખર્ચ બાદ કરતાં રૂ. ૨૧ રહ્યા. વીસ એકર જમીન ઉપર એક માણસ દેખરેખ રાખવા રોકવાનો, તેના વરસે રૂ. ૩૬૦ પ્રમાણે દર એકરે રૂ. ૧૮ પગારના, તથા રૂ. બીજે ૩૨–૧૨ ખેતીનો કુલ ખર્ચ જતાં રૂ.૭૨ માંથી બાકી રૂ;૨૧–૪ રહ્યા. હવે આ રૂ. ૨૧ ના ચોકખા નફામાંથી રૂ. ૨૪ વ્યાજના અને રૂ. ૬ જમીન મહેસુલના ભરવાના રહ્યા. એટલે રૂ ૯ ની ચોકખી ખોટ.

મી. મેકીઃ—જ્યાં સુધી સાક્ષી કહે છે કે વ્યાજ બાદ જવું જોઇએ ત્યારે તો કંઇ નફો રહે નહિ. હું એ વાત કબુલ કરૂં છું.

ચેરમેનઃ—જો પૈસા વ્યાજે લીધા ન હોય ત્યારે તો નફો એના ગજવામાં જાય. (ચોકખા નફા તરીકે)

જઃ—મારે કહેવું જોઇએ કે ત્યારે તો તમે જમીનની સુધારણી ઉપર કર નાંખો છો એમ થયું. અમને તો વેરાન જમીન મળી હશે. ત્યાર પછી ૨૦ એકર ઉપર હમે રૂ. ૧૬૦૦ ખેડના ખરચ્યા હશે.

મી૦ મેકીઃ—હું એ બાબત પડતી મુકીશ.

સઃ—જમીનના આકરા દરથી ગણોતીઆ ઉપર કંઇ અસર થાય ખરી ?

જઃ—હા.

સઃ—કેવી રીતે ?

જઃ—ખેડુતોની હાલની દેવાદાર સ્થિતિ અને જે કંગાળ હાલતમાં તે રહે છે તે આકરા દરનેજ આભારી છે.

સઃ—એ તો ખેડુતની વાત થઈ પણ આકરા દરથી ગણોતીઆને શું અસર થાય તે કહેશો ?

જઃ—ગણોતીઆ અને જમીનદારની વચ્ચે ?

સઃ—હું સરકારી ગામો કે જ્યાં જમીનદાર અને ગણોતીઆ બન્ને હોય તે વિષે કહું છું ?

જઃ—મારા જીલ્લાની બાબતમાં તો જાતે નહિ ખેતી કરનારા ખેડુતો તો પાંચજ ટકા છે. આજના જમીનદારો તે કાલના ગણોતીઆ.

સઃ—પણ ઇલાકામાં તો હજારો ગણોતીઆ છે. આ સવાલ સામાન્ય છે. ત્યારે આકરા દરથી ગણોતીઆને કંઈ અસર થાય છે ?

જઃ—ધારો કે આજે હું જમીનદાર છું. મારા ગણોતીઆને મહેસુલ ભરવાનું છે. જો તે નહિ ભરે તો બીજે વર્ષે તેને જમીન મળે નહિ. કારણ કે મહેસુલ મારે ભરવું પડે. હું તેથી ગણોતીઆ પાસે જમીન ખુંચવી લઇને બીજાને આપું.

સઃ—તે તો ગણોતીઆ બદલવાની વાત થઈ ?

જઃ—હા.

સઃ—જો એક ગણોતીઓ મહેસુલ ન ભરે તો બીજો શા માટે ભરે ? હું ધારું છું કે તમારો જવાબ પ્રશ્નને અનુસરતો નથી.

એક ગણોતીઓ તમને ગણોત આપે છે. અને તેમાંથી તમારે જમીન મહેસુલ ભરવાનું છે. જો મહેસુલનો દર ઘટાડવામાં આવે તો તેથી ગણોતીઆ ઉપર શું અસર થાય?

જઃ—તેને જમીનદારને ઓછું ગણોત આપવું પડે.

સઃ—જો જમીન મહેસુલ ઘટાડવામાં આવે તો તેજ પ્રમાણમાં ગણોતનો દર ઘટે ખરો?

જઃ—હા.

સઃ—ધારો કે મહેસુલનો દર વધ્યો તો શું થાય?

જઃ—તો ગણોત વધે.

સઃ—ત્યારે તો ગણોતનો આધાર તાલુકાની આર્થિક સ્થિતિ અને ખેડુત અને ગણોતીઆની શરત ઉપર નથી?

જઃ—ના. નથી.

સ.—ગણોત પદ્ધતિ ખેડુતોને હાનિ કર્તા કેવી રીતે છે?

જઃ—કારણ કે સાધારણ રીતે જમીનદારો હમેશાં પોતાની જમીનની કિમ્મતનું વ્યાજ તથા સરકાર ધારાનો વિચાર કરીનેજ ગણોત ઠરાવે છે. મોરીસીયસથી જે માણસ પૈસા કમાઇને આવે, તેઓ એકરનાં હજાર હજાર રૂપીઆ આપીને જમીન ખરીદે છે. કારણ કે તે જમીનને સદ્ધર જામીનગીરી ગણે છે. તેઓ મેં ગણાવ્યુ તે દ્રષ્ટિથી ગણોતે આપે છે અને તેથી તે ગણોતીઆઓને હાનિ કર્તા છે.

સઃ—ઈલાકામાં ઘણા ગણોતીઆ છે?

જઃ—મારા જીલ્લામાં તો ૫ ટકા હશે.

સઃ—ત્યારે તો જમીનદારો અને ગણોતીઆ વચ્ચે ગણોત ઠેરવવાને સાટું કરવાનું રહ્યું. આ ગણોતનો આધાર ન્યાતમાં ઘર ચલાવવાના

સામાન્ય ધોરણું ઉપર નથી ? જો ઘણા ગણોતીઆ હોય ત્યારે તો ભારે ગણોત આવે; પણ ગણોતીઆ ઓછા હોય તો તો ગણોત ઓછું ઉપજે ખરૂં ને ?

જઃ—હા.

સઃ—ત્યારે તમે કબુલ કરો છો કે આ બધી બાબતો ઉપરથી ગણોત નક્કી થાય છે ?

જવાબ મળ્યો નહિ.

મી૦ આર. જી. પ્રધાન.

સઃ—ગુજરાતમાં ખેડુતો હિસાબ રાખે છે ?

જઃ—ઘણા થોડા.

સઃ—તમે ચોકખો નફો કાઢવામાં ખેડવાનો, ખાતર નાંખવાનો, વાવવાનો, પાકને પાણી .પાવાનો, દેખરેખ રાખવાનો, પાકને કાપવાનો વિગેરે વિગેરે ખર્ચ લો છો ખરૂં ને ?

જઃ—મેં તમને કપાસના ખેતરની સરેરાસ આપી છે. જો તમે જુવાર બાજરી લો તો તેનો સમાવેશ કરવો પડશે.

સઃ—છડવાનો, ઉપણવાનો, બજારમાં લઈ જવાનો ખર્ચ તેમજ તમે ખેડુતનાં હથિઆરનાં બગાડ સમાર વિગેરેના ખર્ચનો પણ સમાવેશ કરો છો ?

જઃ—હા. કરવોજ જોઈએ.

સઃ—તમે ખેતીના ખર્ચમાં જમીનમહેસુલ શા માટે ગણો છો તે હું સમજી શકતો નથી.

જઃ—હું તેનો સમાવેશ કરતો નથી.

સઃ—તમે કહો છો કે ગુજરાતમાં ખેડુતની સ્થિતિ સુધરતી નથી. તમે ધારો છો કે તે ઉંચા જમીન ધારાને લઈને એમ છે ?

જઃ—એ પણ એક કારણ છે.

સઃ—તમે ધારો છો કે ગુજરાતમાં જમીન મહેસુલ હદ કરતાં વધારે છે ?

જઃ—હા. ખાસ કરીને સુરત અને ખેડામાં દર ઘણા ભારે છે.

સઃ—કેટલા ટકા દર વધારે હશે ?

જઃ—સો ટકા.

સઃ—એમ શા માટે છે ? શું ગણોતનાં ધોરણે જમીન મહેસુલ ઠરાવેલુ છે તેથી ?

જઃ—ગઈ જમાબંધી શા ધોરણે થઇ છે તે હું જાણતો નથી, પણ મને ખબર મળી છે કે જમીનની કિમ્મત પણ ગણત્રીમાં આવી છે. હું તો એટલુંજ કહી શકું કે જમીનનો દર આકરો છે.

સઃ—બંગાળામાં જે કાયમની જમાબંધી છે તેનો તમે અભ્યાસ કર્યો છે ?

જઃ—ના જી.

સઃ—બંગાળની કાયમની જમાબંધીનાં શું શું ગેરફાયદા છે તે તમે જાણો છો ?

જઃ—તે હું જાણતો નથી; પણ બંગાળા અને મુંબઈ ઇલાકામાં ફેર છે. કારણ ત્યાં જમીનદારી છે જ્યારે મુંબઇમાં રૈયતવારી પદ્ધતિ છે.

સઃ—બંગાલની કાયમ જમાબંધીનો તમે અભ્યાસ કર્યો નથી તો બંગાલમાં ચાલતી કાયમની જમાબંધીનાં જે માઠાં પરિણામ નીપજ્યાં

છે, તેવાંજ રૈયતવારી મુલકમાં કાયમી જમાબંધીથી ન આવી શકે એમ તમે શી રીતે કહી શકો છો ?

જ:-હું તે કહી શકતો નથી.

સઃ—બંગાળાની કાયમની જમાબંધીનો અભ્યાસ કીધા સિવાય પણ તમે ધારો છો કે જો તમારે ત્યાં તે ધોરણ દાખલ કરવામાં આવે તો સારાં પરિણામ નીપજે ?

જ:—હા.

સ:–તમે છેલ્લા સવાલનાં જવાબમાં કહ્યું છે કે જમાબંધીનું ધોરણ એટલી સ્પષ્ટ રીતે ઘડાવું જોઈએ કે જેથી એમ માલુમ પડે કે જમીન ઉપર સરકારનો માલકી હક નથી. આમ તમે કહો છો તે એટલા માટે કે તમારા વિચાર પ્રમાણે સરકાર જમીનની માલીક નથી ?

જ:- હા.

સ:—તમે એ પ્રશ્નનો તાત્વિક અને ઐતિહાસિક દૃષ્ટિથી સંભાળ પૂર્વક અભ્યાસ કર્યો પછીજ તમે વિચાર બાંધ્યો છે કે સરકાર જમીનની માલીક નથી ખરૂં ને ?

જ:—હા.

સઃ—ત્યારે તમો એવો વિચાર ધરાવો છો કે જમીનના માલીક લોકો છે ?

જ:—હા.

સઃ- જમીનની કિમ્મત સંબંધી તમે કંઇક કહ્યું છે. ત્યારે હું જાણવા માગું છું કે અસલના ઘરડાઓએ જમીન સુધારી તે પણ જમીનની કિમ્મતમાં આવી જાય ?

જ:—હા.

સઃ—જ્યારે તેમ છે તો જમીનની કિમ્મત શોધી કાઢવાનું સંભવિત છે ?

જઃ—ચોક્કસ રકમ શોધી કાઢવાનું સંભવિત નથી.

સઃ—ત્યારે તે તમે કેવી રીતે શોધી કાઢશો ?

જઃ—અમુક વર્ષની સરેરાશ કાઢવી.

મી. આર. જી. સોમન.

સઃ—તમે ગુજરાતમાં પાણીના આકારની બાબતમાં કહ્યું છે કે સરકાર પાણી પુરૂં પાડવામાં કંઇ ખર્ચ કરતી નથી છતાં પાણીનો આકાર લે છે. તો તમારે ત્યાં પુસ્તા, પાટ કે ભંડારાં છે ?

જઃ—સુરતમાં ઘણાં નથી; પણ ખેડામાં કેટલાંક ખરાં.

સઃ—ભંડારાં અને કુદરતી પાણીનાં વહેણો પાછળ સરકાર કંઇ ખર્ચ કરે છે ?

જઃ—નહિ.

સઃ—તમને ખબર છે કે આ ભંડારાં ઉપર પણ જુદો પાણીનો આકાર લેવામાં આવે છે ?

જઃ—મને એવી ખબર મળી છે ખરી.

સઃ—કાચાં ભંડારાં દર વર્ષે ખેડુતોને સમરાવવાં પડે છે તેથી તમે એમ માનોછો કે આ પાણીનો આકાર એ દુરસ્તી ઉપરનો કર છે ?

જઃ—એ દુરસ્તી તેમજ કુદરત ઉપરનો કર છે.

સઃ—શું ત્યારે એના ઉપર કર ન હોવો જોઇએ ?

જઃ—ના. નહિજ હોવો જોઇએ.

સઃ—તમે રાવસાહેબ દાદુભાઇના એક સવાલના જવાબમાં કહ્યું છે કે કપાસ કરતાં જુવારની ખેતીનો ખર્ચ વધારે આવે છે. શું એ ખરૂં છે ?

જઃ—હા.

સઃ—ત્યારે તો મૂખ્ય (સ્ટેપલ) પાકની ખેતીનો ખર્ચ વધારે આવે ને?

જઃ—હમારે ત્યાં તો જુવાર અને કપાસ બન્ને મૂખ્ય પાક છે અને તે અવાર નવાર આવે છે.

સઃ—જુવારની ખેતીનો ખર્ચ સહેજ વધારે, ખરૂં ને!

જઃ—હા.

મી. એચ. બી. શિવદાસાની.

સઃ—તમે હમને કહ્યું છે કે એક એકરે રૂા. ૭૨ નો કપાસ ઉતરે છે તો તે ક્યા ભાવે?

જઃ—આ વરસના ભાવે.

સઃ—તમે કહ્યું છે કે છેલ્લાં દશ વર્ષ જતાં કરીને તે અગાઉના ભાવ લેવા. તો તેમ કરીએ તો એક એકરની પેદાશ કેટલી આવે?

જઃ—સારી જમીનમાં રૂા. ૩૫–૪૦ થી વધારે નહિ.

સઃ—જો ખેતીનો ખર્ચ બાદ કરો તો?

જઃ—તો ચોખ્ખો નફો રૂા. ૧૦ થી ૧૨ આવશે.

સઃ—દર વર્ષે તેના તે ખેતરમાં તમે કપાસ કરી શકો?

જઃ- ના. દર ત્રીજે વર્ષે.

સઃ—જુવારની કેટલી ઉપજ થાય.?

જઃ-આશરે ૯ રૂપીઆ; કપાસ કરતાં ૨૫ રૂપીઆ ઓછા.

સઃ—એકરે ખેતી ખર્ચ કેટલો આવે?

જઃ—મારે તે કાઢવાનો છે. આતો આકરી નવ રૂપીઆ ચોખ્ખો નફો.

સઃ—ખેતીનો ખર્ચ બાદ કર્યા સિવાય શું આવે?

જઃ—વધારેમાં વધારે રૂા. ૧૨.

સઃ—ખેતીનો ખર્ચ શું ?

જઃ—તે વર્ષોમાં રૂ. ૫ થી ૬.

સઃ—તમે જમીન મહેસુલ અને વ્યાજ હિસાબમાં લેતા નથી ખરૂંને ?

જઃ—ના.

સઃ—તમે ચોખ્ખા નફા ઉપર જમાબંધીનું ધોરણ નક્કી કરાવવા માગો છો અને તમે ધારો છો કે ચોખ્ખો નફો કાઢવાનું કામ તદ્દન વ્યવહારૂ છે, ખરૂં ને ?

જઃ—આપણે એ વ્યવહારૂ બનાવવાનું છે.

સઃ—તમે મારી યોજના અવ્યવહારૂ શા માટે ગણો છો ? તમે ચોખ્ખો નફો રોકડમાં ફેરવી શકો અને પછી તમે દર નક્કી કરી શકો. મારી યોજનામાં મુખ્ય મુશ્કેલી ચોખ્ખો નફો શોધવાની છે. યોજનાની મુખ્ય મતલબ અનાજની પેદાશ ઉપર કાયમની જમાબંધીનું ધોરણ નક્કી કરવાની છે અને તે ચોખ્ખા નફાનો કોઇપણ ભાગ.

જઃ—અહીં સુધીની વાતમાં હું તમને સમ્મત થાઉં છું.

સઃ—જો તમે ચોખ્ખો નફો શોધી કાઢો તો તમે જમાબંધીનું કાયમ ધોરણ નક્કી કરી શકો. તમે તે ૫૦ વર્ષ કે ૧૦૦ વર્ષને માટે રાખો. મારી યોજનામાં મુખ્ય મુદ્દાની વાત એ નથી. હું ધારૂં છું કે ભાવમાં ફેરફાર થયા કરે છે તેથી ૧૦ વર્ષ લેવાં એ ઠીક. તમે તેનાં ૨૫ વર્ષ કરો. ૧૦ વર્ષને માટે તે રોકડમાં ફેરવી નાંખવું એ વાત મારી યોજનામાં ખાસ મુદ્દાની નથી.

જઃ—જમાનાથી ખેડુતો રોકડજ મહેસુલ ભરે છે.

સઃ—વધારે સારૂં કયું ?

જઃ—બધું સરખુંજ છે.

સઃ—જ્યારે ચોખ્ખો નફો શોધી શકાય છે ત્યારે તેને અવ્યવહારૂ શામાટે ગણો છો ?

ચેરમેનઃ—કદાચ બન્નેજ અવ્યવહારૂ હશે.

સઃ—સુરતમાં ૫ ટકા જેટલી જમીન ગણોતે અપાય છે ખરૂંને ?

જઃ—હા.

સઃ—ખેડુતે જમીન સુધારી હોય તે બદલ કેટલું ગણોત અને નહિ સુધારેલી જમીનનું કેટલુ તે શોધી કાઢવું સંભવિત છે ? તેણે બંધ બાંધ્યો હશે. તેણે જુવારની જમીનને ભાત પકવની કરી હશે.

જઃ—તે કામ મુશ્કેલ છે.

જઃ—ત્યારે જમાબંધી અધિકારી જમીનની દરેક સુધારણાને માટે છુટછાટ નક્કી કરી શકે ખરા ?

જઃ—નહિ.

સઃ—જો તમે ગણોતનુંજ ધોરણ લો તો તો જમીન સુધારવા બદલ એ સુધારણાનો કર ભરવો પડે ખરૂંને ? કારણ કે જમીનમાં કરેલા સુધારાનો ફાળો છુટો પડી શકવો અસંભવિત છે ?

જઃ—હા.

સઃ—ત્યારે તો સરકાર કહે છે કે જમીનની સુધારણા ઉપર કર પડતો નથી; છતાં પણ ખરી રીતે પડે છે ?

જઃ—હા.

સઃ—ત્યારે શું આ પાંચ ટકા ગણોતે અપાયલી જમીનનાં ધોરણ ઉપર સોએ સો ટકા એટલે બધી જમીનની જમાબંધીનું ધોરણ નક્કી કરવું એ વ્યાજબી છે ?

જઃ—ના.

મી૦ લાલજી નારણજી.

સઃ—તમારા જીલ્લામાં જમીનની કિમ્મત કયા ધોરણ ઉપર નક્કી થાય છે ?

જઃ—હાલનું ધોરણ તો જમીન એકનાં હાથમાંથી બીજાના હાથમાં જાય એજ. તે સિવાય કિમ્મત નક્કી કરવાનું બીજું સાધન કંઈ નહિ.

સઃ—દસ વર્ષમાં જમીનની કિમ્મતમાં શું ફેરફાર પડયો ? કિમ્મત વધી કે ઘટી ?

જઃ—વધી.

સઃ—તેનું કારણ શું ?

જઃ—પરદેશથી વધારાના પૈસા આવ્યા તેથી.

સઃ—જમીનની કિમ્મત કેટલા ટકા વધી હશે ?

જઃ—એનું પ્રમાણ જુદા જુદા તાલુકામાં ૨૦થી ૧૦૦ ટકા જેટલું છે.

સઃ—ખેતીવાડી એ પણ એક ઉદ્યોગ છે. જો એ ધંધો લાભકારક ન હોય તો તમે ધારો છો કે લોકો એમાં પૈસા રોકે.

જઃ—આ લોકો જમીનમાં પૈસા રોકે છે તે સહીસલામતી માટે, નહિ કે વેપારની દૃષ્ટીએ. જેવી રીતે તેઓ બેંકમાં પૈસા મૂકે છે તેમ ખેતીવાડીમાં રોકે છે.

ચેરમેનઃ—પણ બેંક તો વ્યાજ આપે છે. જો એ લાભકારક ન હોય તો જમીનની કિમ્મત ૧૦૦ ટકા જેટલી કેમ વધી ગઇ ?

જઃ—કિમ્મત તો માંગણી અને ખપ ઉપર આધાર રાખે છે.

મી. લાલજી—જે જમીનની કિંમત ત્રણ વર્ષ ઉપર કંઈ ન હતી, તેના રૂ. ૭૫૦૦૦ આવ્યા.

જ.—શું તે ખેતીની જમીન હતી?

મિ. લાલજી:—હા.

જ:—કેટલા એકર?

મિ. લાલજી: તે મને યાદ નથી.

જ:—પણ તે કેમ બન્યું તે હું તમને સમજાવીશ. કેટલાક મુસલમાનો મોરીશસ, બર્મા, દક્ષિણ અને પૂર્વ આફ્રિકા તથા બીજા દેશોમાં જઈ આવ્યા છે. તેઓ પરદેશમાંથી પોતાના કમાવેલાં નાણું અને મોહુત રોકડથી જમીન ખરીદવાના કામમાં રોકે છે. કારણ કે તેઓ ધારે છે કે ખેતી એ ખાનદાનમાં ધંધો છે આ કારણથી તેઓ બેંક કે એવા બીજા કશાની દરકાર રાખતા નથી. ખેતીમાંથી પોતાના પૈસાનું વ્યાજ મળે કે ન મળે તેની દરકાર રાખ્યા વિના પોતાની મૂડી જમીનમાં રોકે છે. બીજા કોઈ પણ વેપાર ધંધામાં રોકવાનું તેમને પસંદ હોતું નથી. આ કારણથી ગુજરાતમાં સુરત અને ભરૂચ જીલ્લામાં જમીનની કિંમત વધી છે.

મૌલવી રફીઉદ્દીન અહમદ.

સઃ—તમે સુરત જીલ્લા બોર્ડના ચુટાયલા પ્રેસિડંટ છો?

જ:—હા.

સઃ રેવન્યુખાતાનાં જમાબંધી અધીકારી કરતાં અનુભવ જ્ઞાનમાં કોઈપણ રીતે તમે ઉતરતા નથી એમ માનો છો?

જઃ—આ કેવળ અંગત પ્રશ્ન હોઈ એનો જવાબ આપવો ઉચિત નથી.

સઃ—રેવન્યુ અધિકારી કરતાં આ બાબતમાં તમારો અનુભવ સારો એમ તમે માનો છો ?

જઃ—આગલા પ્રશ્નના જવાબ મુજબજ આનો પણ જવાબ છે.

સઃ—તમારી પાસે જમીન છે ?

જઃ—હા, છે.

સઃ—તમારા લત્તામાં કોઇ ગાયકવાડી સરકારની જમીન છે !

જઃ—હા.

સઃ—શું એ વાત ખરી છે કે ગાયકવાડ સરકારની સરહદમાં અંગ્રેજી સરહદ કરતાં જમીન મહેસુલ ઓછું છે ?

જઃ—ના. તે ઓછું નથી.

ચેરમેનઃ—કાંઇ નહિ તો સ્હેજ વધારે હશે.

મૌલવી રફીઉદ્દીનઃ—તમે જાણો છો કે ગાયકવાડનાં મુલકમાં ત્રીસ ત્રીસ વર્ષે ફરી જમાબંધી થાય છે ?

જઃ—હું ધારું છું કે થાય છે.

સઃ—અંગ્રેજી મુલકમાં જેટલો અસંતોષ છે તેટલોજ ત્યાં છે !

જઃ—હા. ત્યાં વસ્તુતઃ તેઓ અંગ્રેજીનાં જમાબંધીનાં ધોરણેજ ચાલે છે.

ચેરમેનઃ—ત્યાંના લોકો પણ અંગ્રેજી પ્રમાણે ચળવળ ચલાવે છે.

મી. મોલવીઃ—તમ ૯ મા સવાલનાં જવાબમાં કહ્યું છે કે જમાબંધીનાં કાનુનો એવા સ્પષ્ટ રીતે ઘડાવા જોઇએ કે જેથી તેમાં સરકારની માલકીનો હક અથવા તેમાં નફો કરવાની વાત રહે નહિ. તે કેવી રીતે બને ?

જઃ—કાયદો ઘડીને.

સઃ—સરકારે કાયદો ઘડવો કે કાઉંસીલે ?

જઃ—જો મહેરબાનીની રાહે ઘડે તો સરકારે.

સઃ—સામાન્ય ધોરણ ઘડવાનું કામ સરકાર પાસે તમે કરાવવા માંગો કે કાંઉસીલ પાસે ?

જઃ—હાલ સરકાર એમ કહે છે કે જમીનની માલીક સરકાર છે, પણ ધારાસભાએ સર્વ સાધારણ નિયમો બનાવવા જોઇએ.

સઃ—તમે ધારો છો કે આ સુચના સાથે સરકાર સંમત થશે ?

જઃ—હું નથી ધારતો કે તે સંમત થાય.

સઃ—ત્યારે તમે એવા નિર્ણયપર આવો છો કે આ ધોરણનું કાંઉસીલે પ્રતિપાદન કરવું જોઇએ ?

જઃ—હા. જો સરકાર મહેરબાનીની રાહે તેમ ન કરે તો છેવટે તેમજ કરવું પડે.

સઃ—રેવન્યુ યોજનામાં આ મુખ્ય બાબત હોવી જોઇએ એમ તમે ધારો છો ?

જઃ-હા.

મી૦ એલ. જે. મોન્ટફોર્ડ.

સઃ—તમે એમ ધારો છો કે જરાયત અને બાગાયત જમીનની સરખીજ કિમ્મત ઉપજે ?

જઃ—હા. કેટલીક જગ્યાએ એમ ખરૂં. પણ મારા જીલ્લાના બધા તાલુકામાં એમ નહિ.

સઃ—તે શું અપવાદ તરીકે કે સાધારણ રીતે ?

જઃ—કેટલાક તાલુકામાં અપવાદરૂપે નહિ પણ સાધારણ રીતે.

સઃ—જરાયત કરતાં બાગાયત જમીનની કિમ્મત વધારે નહિ ઉપજે

જઃ—હા. ઉપજે.

સઃ—જરાયત કરતાં શેરડીની જમીનની કિમ્મત વધારે નહિ આવે ?

જઃ—હા. વધારે આવે.

સઃ—બાગાયત જમીન તમે કોને કહોછો ?

જઃ—મારા જીલ્લામાં કેટલાક ભાગમાં ભાતની જમીન.

સઃ—ભાતની કિમ્મત વધારે આવે છે ?

જઃ—બધેજ એમ નહિ. જે ખેતરોને પાણી મળે છે તેમાં પાક સારો થાય. પણ વરસાદની અછતથી ભાતનો પાક નિષ્ફળ જાય એટલે લોકો જુવાર, કપાસ વિગેરે કરે છે.

સઃ—આખો ઇલાકો ધ્યાનમાં લેતાં શું તમે એમ ધારો છો કે ભાતની જમીન અને જરાયત જમીનની કિમ્મતમાં કંઈ ફરક નથી ?

જઃ—ના, હું એમ કહેવા માંગતો નથી. હું ઇલાકાના બીજા ભાગની વાત જાણતો નથી.

સઃ—શું ત્યારે તમે એમ ધારો છો કે જરાયત જમીન કરતાં ભાત પાકની જમીનની કિમ્મત વધારે ન ઉપજે એ તો અપવાદ રુપેજ બને.

જઃ—હા. અપવાદ રૂપેજ.

સઃ—તમે કહો છો કે જમીનની કિમ્મત ઉપરનું વ્યાજ જો ગણીએ તો ખેતીમાં કંઈ નફો નથી. શું આ વાત ખરી છે?

જઃ—હા, નફો નથીજ.

સઃ—ત્યારે તો જ્યારે જમીનમાં કંઈજ નફો નથી ત્યારે તે ખરાબ જમીનગિરી કહેવાય; ખરૂંને ?

જઃ—હા. જે લોકો વ્યાજવટાંનો ધંધો કરે છે તેને માટે; પણ ખેડુતોને માટે તેમ નથી. કારણ કે નહિ તો બીજું તે કરે શું ?

સઃ—જો એક મારવાડીએ એક ખેડુતને પૈસા ધીર્યા હોય અને તે પૈસા અને તેનું વ્યાજ પાછું નં મળે તો તે મારવાડી જમીન લઇ લેશે

જઃ–હા. પણ તે દેણદાર રાજીખુશીથી જમીન આપવા કબુલ ન થાય.

સઃ–ત્યારે જમીનની જામીનગીરી ઉપર શામાટે તે પૈસા ધીરે છે?

જઃ–કારણકે તે સ્થાવર મિલકત છે.

સઃ જ્યારે તે જાણે છે કે જમીન એ ખરાબ જામીનગીરી છે અને તેના ઉપર ધીરેલા પૈસા અને તેનું વ્યાજ પાછું મળે એમ નથી ત્યારે છ ટકાની વાર લોન અથવા બેંકમાં પૈસા રોકવાને બદલે જમીન ઉપર શામાટે પૈસા ધીરે છે?

જઃ–હિંદુસ્તાનના ખેડુતોની સામાન્ય વલણ દેવું અદા કરવાની છે. પૈસા ધીરનાર પોતાના પૈસા ગુમાવતો નથી. તેને લેવાના ઘણા રસ્તા છે.

સઃ–(ચેરમેન તરફથી) તમે પહેલાં કહ્યું છે કે જમીન એ સદ્ધર જામીનગીરી છે અને હમણાં કહો છો કે તે ખરાબ છે તો એમાં ખરૂં શું?

જઃ–એ જામીનગીરી પૈસા અને વ્યાજ મેળવવાને સહીસલામતી ભરેલી છે. પછી વ્યાજ વધારે હોય કે ઓછું.

ચેરમેનઃ-ધંધાદારીમાં પૈસા રોકવાથી ૯ થી ૧૨ ટકા જેટલું વ્યાજ મળી શકે એમ છે એમ જો જાણે તો તો હુશિયાર મારવાડી ૪, ૫, કે ૭ ટકામાં પોતાની મુડી રોકે નહિં; ખરૂં ને?

જઃ–ખરી રીતે આમ બને છે કે પાંચ, છ કે કોઈ વખત દશ હજારની જમીન લખી લઇને રૂા ૨૦૦૦ ધીરાય છે. દરેક વર્ષે તે ઉપર પોતાનું વ્યાજ ચઢાવે છે. અને પાંચ વર્ષ સુધી વ્યાજ ન મળે તો પણ તેની મુડી અને વ્યાજને જોખમ નહિ. કારણ કે તેણે તો

રૂા. ૧૦,૦૦૦ની જમીન લખી લીધેલી હોય છે. એ જામીનગીરી સદ્ધર હોય છે.

• મિ. મોંટફોર્ડ:—જો પાંચ વર્ષ સુધી વ્યાજ ન લે તો એવડી મોટી રકમ શાથી થાય? કંપનીની લોન કે જેનો ભાવ ૧૦૧નો છે તેમાં પણ તેને છ ટકા કરતાં વધારે વ્યાજ મળતું નથી.

જ:-તેનું તો ચક્રવૃદ્ધિ વ્યાજ ગણાયા કરે.

સ:—ત્યારે શું તમે એમ ધારો છો જમીન ઉપર પૈસા ધીરવા એ લાભદાયક છે?

જ:—હું ધારૂં છું કે સલામતી ભરેલુ છે.

સ:—જમીનપર પૈસા ધીરવા નુકશાનકારક છે અને જમીન એ ખરાબ જામીનગીરી છે છતા તમે ઉપર પ્રમાણે કહો છો?

જ:—હું એમ નથી કહેતો કે એ ખરાબ જામીનગીરી છે.

સ:—ધારોકે આપણા પાસે એક કંપનીના શેરો છે કે જે શેરોનું વ્યાજ કાંઇ મળતુ નથી અને ભવિષ્યમા મળવાની આશા પણ નથી. તો તમે તેને જામીનગીરી તરિકે સારૂં રોકાણ કહેશો? જે માણસ પાસે તે કંપનીના શેરો જેનુ વ્યાજ ઉપજતું પણ નથી અને ઉપજનાર નથી તે શેરોની જામીનગીરી ઉપર તેને પૈસા ધીરશો?

જ:—પણ હું ત્યાં મીલ્કતની કિમ્મત જોઇશ.

સ:—આવા શેરો જેનું વ્યાજ આવતું નથી તેની કિમ્મત શું હોઇ શકે? શેરબજારમાં તેનું શું ઉપજે?

જ:—ત્યાં તેની માંગ નથી. પણ ખેડુતની બાબતમાં તો એમ છે કે પોતાનું દેવું અદા કરવાને તે હમેશાં કોશિષ કરે છે.

સ:—પોતાની જમીનમાં કંઈ નફો મળે નહિ એટલે તે શી રીતે આપી શકે?

જઃ—હું એમ નથી કહેતો. હું કહું છું કે જો તમે કુલ પેદાશ માંથી વ્યાજ પણ બાદ કરો તો કાંઈ રહે નહિં.

સઃ—પૈસા ખરચીને જો જમીન લીધી હોય તો તેનું વ્યાજ આપવું પડે એટલે તે માણસને તે જમીનમાંથી કંઇ મળે નહિ ?

જઃ—હા. તે માણસને તો કંઇ મળે નહિ.

સઃ—જે માણસે જમીન ખરીદી હોય તેને મારવાડી પૈસા ધીરે નહિ એમ તમે કહો છો ?

જઃ—તેને તે ધીરે છે.

સઃ—અથવા તો તેને જમીન ખરીદવા પૈસા આપે છે ખરૂને ?

જઃ—તે પૈસા આપે છે પણ જામીનગીરી લઇને.

સઃ—જ્યારે ખેડુતો જાણે છે કે વેચાણ રાખેલી જમીનમાંથી પૈસાનું વ્યાજ પણ પાછું મળે એમ નથી ત્યારે આટલી બધી ઊંચી કિંમત આપીને શા માટે તેઓ જમીન ખરીદ કરે છે તે કહેશો ?

જઃ—એ તો હિંદુસ્તાનના ખેડુતોનું કુદરતી વલણ છે. અને હિંદુસ્તાનના ખેડુતોને કુદરતી પ્રેરણા છે કે તેઓ જાણે છે કે એમાં ખોટ છે છતાં તેઓ ખરીદે છે. કારણ કે તેમની પાસે બીજો કંઇ ધંધો નથી.

સઃ—તેઓ પૈસા ક્યાંથી લાવે છે ?

જઃ—સાહુકારને ત્યાંથી

સઃ—જ્યારે સાહુકારને પણ ખોટ છે ત્યારે તેઓ પણ પૈસા ક્યાંથી લાવે ? શાહુકારને પણ છેલ્લાં ૧૦૦ વર્ષથી ખોટજ છે ત્યારે તેઓ પણ ક્યાંથી પૈસા લાવે ?

જઃ—હું એમ નથી કહેતો કે તેઓ પોતાની મૂડી અને વ્યાજ ગુમાવે છે. હું તો એમ કહું છું કે ખેડુતને માટે પોતાની મીલ્કત"

ઉપરનું વ્યાજ ભર્યા પછી કંઇ રહે નહિ. એટલે કે જમીનની કિમ્મત ઉપરનું વ્યાજ ભરે તો ખેડુતને પોતાની ખેતીમાં કંઇ નફા જેવું રહે નહિ.

સઃ—જ્યારે તે શાહુકાર ખાતું બંધ કરે અને રૂા. ૫૦૦૦ જે તેણે ધીર્યા હોય તેમાં જમીન કબજે લે તો પછી જમીનમાંથી પોતાના પૈસા શી રીતે મેળવી શકે?

જઃ- એ તો સંજોગો અને સ્થળ ઉપર આધાર રાખે છે.

સઃ—શું તેને ૧૨ ટકાનું વ્યાજ મળે?

જઃ—નહિ.

સઃ—૯ ટકા ?

જઃ—નહિ.

સઃ—૬ ટકા ?

જઃ—આશરે ૭ ટકા.

સઃ—અને તેથીજ તે રૂા. ૫૦૦૦ ધીરે અને ૭ ટકા વ્યાજ મેળવે ખરૂં ને? જો કોઈ માણુસ જમીન ઉપર પૈસા આપે તો તમે કહો છો તેમ તેમાં ફાયદો મળે નહિ. તમે કહો છો કે જમીન ઉપર નફો નથી ખરૂંને?

જઃ—એ તો નફાની હદ છે. હું તો એમ કહું છું કે જો જમીનની કિમ્મત ઉપરનું વ્યાજ ગણો તો ખેડુતને માટે કંઈ નફો રહે નહિ.

સઃ—જો કોઇ જમીન ઉપર રૂા. ૫૦૦૦ ધીરે તો તેને ૭ ટકાનું વ્યાજ મળે ખરૂં?

જ:—હંમેશાં એમ બનતું નથી. કારણ કે એ તો સંજોગ અને સ્થળ ઉપર આધાર રાખે છે.

સ:—ત્યારે સરેરાસ શું પડે ?

જ:—૩, ૪ અને ૬ ટકા.

સ:—૩ થી ૬ ટકાની વચ્ચે. અને જો ખેડુતે પૈસા ખરચીને જમીન લીધી ન હોય પણ વારસામાં મળી હોય તો વધારે ખરૂં ને ?

જ:—હા. માત્ર ૩ થી ૬ ટકા.

સ:—ત્યારે તો લોનમાં પૈસા રોકીએ તેનાં કરતાં એમાં વધારે લાભ નહિ ખરૂં ને ?

જ:—ખરેજ નહિ.

સ:—જ્યારે તેને ૩ થી ૬ ટકાજ વ્યાજ મળે છે ત્યારે તે મારવાડી બીજા વેપાર ધંધામાં છ ટકા કરતાં પણ ઘણું વધારે વ્યાજ મળે છે, તેમાં પૈસા રોકવા કરતા જમીન ઉપર શા માટે પૈસા ધીરે છે?

જ:—એ તો પસંદગીની વાત છે.

સ:—તમે જાણો છો કે હમે વારંવાર એકરનાં રૂા. ૬૬૦ આપીને જમીન ખરીદીએ છે. મુળશીમાં હમે ભાતની જમીનના એકરે રૂા. ૬૧૭૦ આપ્યા છે. અમે ત્યારે ઘણી ઉંચી કિમ્મત આપી છે ખરૂંને?

જ:—એ તો સંજોગ એને સ્થળ ઉપર આધાર છે.

સ:—થોડા વખત ઉપર હું પુનાનો કલેકટર હતો ત્યારે શેરડીની ૧૮ એકર જમીન રૂા. ૧૦,૨૦૦ થી વેચી હતી. તમે ધારો છો કે આ એક અપવાદ રૂપ ઘણું સારૂં રોકાણ હતું ?

જ:—હા, દરેક ઇલાકામાં શેરડીની જમીન ઘણીજ અગત્યની અને કિમતી ગણાય છે. *.

સઃ—પણ હમે જરાયત જમીન, જમીન મહેસુલના ૬૦૦ થી ૨૦૦ પટે હંમેશાં વેચીએ છે. દશ વર્ષ પર વેચતા તેનાં કરતાં હમણાં હમે વધારે જમીન વેચીએ છીએ. ત્યારે શાંગોલા જેવા ખરાબ તાલુકામાં પણ કે જ્યાં હંમેશાં વરસાદ બરાબર પડતો નથી અને પાક નિષ્ફળ જાય છે ત્યાં પણ ૮૦ પટ અને તેથી વધારે શા માટે આપવા લોકો તૈયાર થાય છે?

જઃ—તમે ખેડુતોને વેચી છે?

સઃ—હમારી પાસે લગભગ ૫૦૦૦ પટા છે. લોકો જાણે છે કે સેવીંગ બેંકમાં અને પોષ્ટ ઓફીસનાં કેશ સર્ટીફીકેટમાં તેઓ વધારે મેળવી શકે છે છતાં તેઓ આમ કરે છે.

જઃ-ગામડીઆઓ પોષ્ટ ઓફીસનાં સર્ટીફીકેટની વાત પણ જાણુતા નહિ હોય.

સઃ—પોસ્ટ ઓફીસ સેવીંગ બેંકની થાપણુ તો છેલ્લાં ૭ વર્ષમાં દશ ગણી વધી ગઈ છે. જો કે હમે ધારીએ એટલી તો વધી નથી.

જઃ—જો કે એ થાપણુ ખેડુતોની નથી.

સઃ— ખેડુતો પોતાના જમીનના ટુકડા ઉપર ગુજરાન ચલાવી શકે?

જઃ—કેટલાક એમ કરી શકે.

સઃ—સરેરાશ એમ કરી શકે ખરા!

જઃ—છેલ્લાં દશ વર્ષથી તેઓ કરે છે .ખરા.: પણ તે અગાઉ તેઓ કરતા હશે એ શકમંદ છે.

સઃ—ખાસ કારણથી હું સાંગોલા તાલુકો લઉં છું. તમે ધારો છો કે ખેડુતો મુંબઈ જઈ મીલોમાં કામ કરીને વધારે મેળવી શકે?

જઃ—સાંગોલા તાલુકાની મને ખબર નથી.

સઃ—સાંગોલામાંથી કેટલા માણસો જાય છે તે હું જાણું છું. તમે ધારો છો કે તેઓ જમીન કરતા મીલમાં કામ કરીને વધારે મેળવે છે? તેઓ મીલમાં કામ કરીને વધારે મેળવતા હશે માટે તેઓ મુંબઇ જાય છે.

જઃ—કદાચ એમ હશે.

સઃ—ત્યારે વધારે લોકો મુંબઈ જઇને મીલમાં કેમ કામ કરતા નથી?

જઃ—મુંબઇ કે કલકત્તામાં બધાનો સમાવેશ નહિ થઇ શકે.

સઃ—જ્યારે જમીનમાં ખોટનો ધંધો છે ત્યારે આ લોકો ખોટના ધંધા પાછળ કેમ મંડયા રહે છે? તેઓને ભૂખે મરવું ગમે છે?

જઃ—તેઓ મીલમાં જાય છે કારણ કે તેમને ત્યાં વધારે સગવડ મળે છે. જો તમે એમ કહેવા માગતા હો કે ૮૦ ટકા જેટલી વસ્તી મીલમાં જઈ શકે તો તો પછી મારે તમને કહેવાનું કંઈ રહેતું નથી.

સઃ—તમે ૮૦ ટકા શા માટે કહો છો?

જઃ—કારણ કે ૮૦ ટકા જેટલી વસ્તીનો આધાર ખેતી ઉપર છે.

સઃ—જ્યારે ખેતીમાં નફો નથી ત્યારે ૮૦ ટકા જેટલી વસ્તી શા માટે ખેતી ઉપર જીવે છે?

જઃ—ભૂખમરાનો અર્થ હું એવો કરું છું કે તેઓ સારી જીંદગી ભોગવતા નથી. તેઓને દિવસમાં બે વાર રોટલાના ટૂકડા મળે પણ તેઓને પોતાના છોકરાંને કેળવણી આપવાની હોય છે અને તેઓને વીસમી સદીમાં રહેવાનું છે. તમે પશ્ચિમનું શિક્ષણ તેમને આપ્યું છે. અને જીંદગીનું નવું ધોરણ પણ તમે બતાવ્યું છે.

સઃ—તમે એમ શા ઉપરથી ધારો છો કે આ લોકો મુંબઇ જઇને વધારે પૈસા કમાવા કરતાં તેઓ ગામમાં રહીને પોતાની જમીન ઉપર ગુજરાન ચલાવવાનું પસંદ કરે છે?

જઃ—એ તો ચાલુ રીતિને વળગી રહેવાપણું છે.

સઃ—એ બતાવી આપે છે કે ખેડુતો પોતાનું ગુજરાન ચલાવી શકે છે, [illegible] જલસામાં મર્યાદ પ્રમાણ વધારે છે?

જઃ—હું એમ નથી ધારતો.

સઃ—ત્યારે તેઓ ગુજરાન પોતાની મેળે કરી શકે છે અને સ્વાતંત્ર્ય ભરી જીંદગી ભોગવે છે.

જઃ—હા. ખુલ્લી હવામાં.

સઃ—તમને જમાબંધીની ગુપ્ત સંબંધી પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. કાઠીઆવાડ જે ગુજરાતની તદ્દન નજીક છે ત્યાં શું વહીવટ છે તે તમે જાણો છો?

જઃ—હું જાણતો નથી.

સઃ—ત્યાં ઉંચામાં ઉંચો ધારો ખાતેદાર હોઇને ખેડુત હોવાનો છે તે જાણો છો?

જઃ—હું કાઠિઆવાડ વિષે કંઇ જાણતો નથી.

સઃ—રાવસાહેબ દાદુભાઇના સવાલના જવાબમાં તમે કહ્યું હતું કે પારડી તાલુકાની આર્થિક સ્થિતિની તમે તપાસ કરી હતી. તે ક્યા વર્ષમાં? ગયા વર્ષમાં?

જઃ—હા. મુંબઇની સહાયકારી સંસ્થાની (કોઓપરેટીવ ઇન્સ્ટીટ્યુટ) વિનંતિ ઉપરથી તેમ કરવામાં આવ્યુ હતું.

સઃ—તમને કોઇએ મદદ કરી હતી?

જઃ—રાવસાહેબ દાદુભાઇએ પોતેજ અને એલ્ફીન્સ્ટન કોલેજવાળા પ્રોફેસર સી. એન વકીલે.

સઃ—તમે તે તપાસ કેવી રીતે કરી હતી?

જઃ—હમોં ગામે ગામ ફર્યા અને લોકોને એકઠા કર્યા હતા. અગાઉથી હમોએ પૂછવાનાં પ્રશ્નો તૈયાર કર્યા હતા. અને તે ગામે ગામ મોકલ્યા હતા—હમે લોકો સાથે બેસી, વાતચીત કરી અને કેટલાક પ્રશ્નો પૂછયા, દરેક ગામમાં હમે અક દિવસ ગાળ્યો હતો. ભાતનો સરેરાસ પાક લીધો અને ખેતીનો સરાસરી ખર્ચ ગણ્યો. આમ હમે આખા કુટુંબનો અંદાજ કાઢયો હતો.

સઃ—તમે કંઈ રિપોર્ટ લખ્યો હતો.

જઃ—હા, તે ટુંક વખતમાં તૈયાર થશે.

સઃ—તમે તે કોઓપરેટીવ સંસ્થાને મોકલવા માગો છો ?

જઃ—તે તૈયાર થાય છે અને તેને મોકલવામાં આવશે.

સઃ—તમે કહ્યું છે કે ભાતની જમીન ઘણા ખેડતા નથી. શા માટે ખેડતા નથી ?

જઃ—કારણકે કયારીની જમીન આકાશીઆ છે અને તે વરસાદ ઉપર આધાર રાખે છે.

સઃ—જો તે નહિ ખેડાય તો તેનું પણ મહેસુલ ભરવું પડે ખરૂં કે ?

જઃ—જો ભાત નહિ કરે તો તેમાં બીજું તુલ કરે, પણ ક્યારીનો દર તો ભરવોજ પડે

સઃ—આકાશીઆ એટલે શું ?

જઃ—વરસાદનાં પાણી ઉપરજ આધાર રાખનારી.

સઃ—સરકાર પાણી નહીં પહોંચ્યુ પાડી શકે છતાં પણ પાણીનો કર લે છે ?

જઃ—હા.

સઃ—પાણીનો આકાર દૂર કરવાને સરકારને કંઈ અરજ કરવામાં આવી છે ?

જઃ—હું ધારું છું કે વારંવાર તેમ કરવામાં આવ્યું છે.

સઃ—તમે પોતે અરજ કરી છે ?

જઃ—મેં જાતે નહિ, પણ સામાન્ય લોકોએ અરજ કરી છે.

સઃ—તમે જાણો છો કે આકારણીઆ જમીન ઉપર અથવા પાણીના આકારમાં કંઇ છૂટછાટ મુકવામાં આવી છે ?

જઃ—જ્યારે હમે પારડીમાં તજવીજ કરતા હતા ત્યારે હમને કહેવામાં આવ્યું હતું કે પાણીનો આકાર હજી લેવાય છે.

સઃ—તમે ત્યાંનાં સ્થાનિક અમલદારો મારફત કંઈ તજવીજ કરી હતી ?

જઃ—તલાટી હમારી સાથે હતા. રેકર્ડ ઓફ રાઈટસમાંથી હમને જોઈતી હકીકત પારડી વિષે મળી હતી.

સઃ—તમે કહ્યું છે કે પારડી તાલુકામાં જરાયત અને ક્યારીની જમીનમાં પણ લોકોને મોટી ખોટ છે. અને તેને પરિણામે જમીન ફેરબદલ થયા કરે છે. (એક હાથથી બીજે હાથ) કારણ કે લોકો વર્ષોના વર્ષો સુધી નુકશાન વેઠી શકે નહી. ત્યારે હું એમ પૂછુ છું કે તમે તમારી તપાસમાં એક વર્ષમાં જમીનની કેટલી વાર અદલ બદલ થઈ છે તેની નોંધ લીધી છે ?

જઃ—હમે તે વિષય લીધો હતો.

સઃ—તમને યાદ છે કે વર્ષમાં ઘણીવાર જમીનની ફેર બદલી થઈ હતી ?

જઃ—તે મને યાદ નથી.

સઃ—જો જમીનની વારંવાર આપલે નહિ થઇ હોય તો તેનો અર્થ એ નીકળે કે ક્યાં તો તે લોકોને જતું નથી અથવા નુકશાનના બનાવેલા આંકડા ખોટા છે. તમને કદી એમ લાગ્યું હતું કે ગામડીઆએ ખરી હકીકત અને ખરા આંકડા આપતા નથી ?

જઃ—કોઇક વખત ખરૂં.

સઃ—તમને એમ લાગ્યું હતું કે જ્યારે ખેડુતોને લાગે કે તજવીજ કરનાર સભ્ય ઘણા દયાળુ છે અને જમીન મહેસુલ ઓછું કરી શકે એવો સંભવ છે ત્યારે તેઓ તમે અવળે રસ્તે દોરવાઓ એવા આંકડા આપે છે ?

જઃ—તમામ જાતની અતિશયોક્તિ ધ્યાનમાં લીધા પછીજ હમે નિર્ણય ઉપર આવ્યા છીએ.

સઃ—સને ૧૯૦૨માં ગુજરાતની તમામ જમીન ઉપર ૫૦ ટકા છૂટ મુકી હતી તે તમને ખબર છે ?

જઃ—હું પારડી તાલુકાની વાત કરૂં છું.

સઃ—પારડી તાલુકામાંથી લોકો બહાર બીજા જીલ્લામાં ગયા છે ?

જઃ—નહિ.

સઃ—ત્યારે તો લોકો હજી સાંજ સોતાર હાલતમાં રહે

જઃ—હા.

સઃ—તમે કહો છો કે તમારી ગણુતરી પ્રમાણે ખેડુતોને હમેશા નુકશાનજ છે અને તેઓ પોતાનું ગુજરાન કરી શકતા નથી. છતાં પણ લોકો કોઇ પણ રીતે ગુજરાન કરે છે અને મરણનું પ્રમાણ ઉંચું નથી. એ શું બતાવે છે ?

જ:—પારડી તાલુકામાંથી લગભગ ૨૦૦ માણસો મુંબઈ ગયા છે. પચાશેક નિશાળના મહેતાજી છે. આ બધા આંકડાઓ હમે તાલુકા કચેરીના દફતરેથી હમારા રીપોર્ટમાં લીધા છે.

સઃ—તમારો રીપોર્ટ ક્યારે બહાર પડવા સંભવ છે ?

જ:—તે તૈયારજ છે, પણ રાવસાહેબ દાદુભાઇ દેશાઇ તેને ફરી જોઇ જઇ સુધારે છે.

સઃ—રીપોર્ટ અંગ્રેજીમાં છે ?

જ:—હા.

સઃ—તમે જાણો છો કે બંગાળા કે જ્યાં જમીનદારોને કાયમની જમાબંધી છે ત્યાં પણ જમીનદારો જમીનના માલીક નથી અને કેટલાકોએ તો જમીન ખરીદેલી છે. અને તેઓ મુંબઇ ઇલાકાના જેવાજ જમીનદારો છે ?

જ:—બંગાળા અને મુંબઈ ઇલાકામાં ઘણો ફેર છે. મુંબઈ ઇલાકામાં ખેડુત પાસે ઘણી જમીન નથી જ્યારે બંગાળામાં તો જમીનદારો પાસે માઇલના માઇલ સુધી પહોંચે એટલી જમીન છે.

સઃ—તમે કહો છો કે લોકો મોરીશીયશ દક્ષિણ અને પૂર્વઆફ્રિકા વિગેરે પરદેશોથી પૈસા કમાઇ પાછા વળે છે અને તે જમીનમાં રોકે છે. શું તે બધાજ મુર્ખ છે કે આમ કરે છે ?

જ:—તેઓ મૂર્ખ નથી, પણ તેઓ વ્યાજની દરકાર કરતા નથી.

સઃ—શું તમને એમ સંભવિત નથી લાગતું કે તેઓ ગરીબ ખેડુતોની જમીન ખરીદી લેશે અને પાછળથી મોટા જમીનદારો બની જશે.

જઃ—તેઓ તેમ કરવાને મુખત્યાર છે.

સઃ—મોરીશીયશમાં તેઓ ખેતી કરે છે કે કંઈ બીજો ધંધો ?

જઃ—સુરત જીલ્લામાંથી જનારા પૈકી ૯૦ ટકા ફળ વેચનારા છે. અને ખેતીવાડી વિષે કંઇ જાણતા નથી. અને પાછા ફર્યા પછી તેઓ ખેતી ઉપરજ મકે છે. લોનમાં પૈસા રોકી પૈસા કમાવાની તેમને દરકાર નથી. જમીનમાંથી તેમને ૧, ૧½ કે બે ટકા મળે તેનાથી તેમને સંતોષ છે. તેઓ પૈકી ઘણા ખરા તો અભણજ છે અને સેવીંગ બેંક કે કેશ સર્ટીફિકેટની વાત કંઇ જાણતા નથી.

સઃ—શું આમ શક્ય નથી કે તેઓ પોતાની આંખ ખુલ્લી રાખીને જમીનમાં પૈસા રોકે છે અને તેઓ જાણે છે કે તેમાંથી તેમને પૈસા મળશે અને તેઓ આંધળા થઇને તેમાં પડતા નથી ?

જઃ—પણ તેઓને તો કંઈ જમીનનો અજબ મોહ છે.

સઃ—લોકો એમ જાણે કે જમીનમાં પૈસા રોકવા એ આંધળીયાં કરવા જેવું છે અને એમાં જે કંઇ પ્રયત્ન થાય તે નિષ્ફળ છે છતાં કેમ એમ કરે છે ?

જઃ—૨ ટકા વ્યાજ મળે તેથી પણ તેઓ સંતોષ માને છે. હું પણ બીજે ઠેકાણે ૪ ટકા મળે તેના કરતાં મારા ગામમાં જમીનમાં બે ટકા કે તેથી પણ ઓછી મળતર હોય તો પણ પૈસા રોકું એ તો સ્વાભાવિક છે.

સઃ—પોસ્ટ ઓફીસના સર્ટીફીકેટમાં તો વધારે પૈસા મળે છે ?

જઃ—ભણેલા માણસો પણ સર્ટીફીકેટ ખરીદતા નથી. એ તો સૌ સૌના અભિપ્રાયની વાત છે.

સઃ—ગવર્નમેંટ ઓફ્ ઈન્ડીઆના આંકડા ઉપરથી તમે જોશો કે પોસ્ટ ઓફીસના સર્ટીફીકેટની ખરીદી ઘણીજ વધી ગઇ છે. તે કેમ વારૂ?

જઃ—જો ખરીદનારનાં નામો જાહેર કરવામાં આવે તો તમને માલુમ પડશે, કે તે નામો કસ્બા કે શહેરના ઘણાંખરાં હશે અને ગામડામાંના નહિ હોય.

સઃ—બંગાળામાં કાયમની જમાબંધી છે છતાં ત્યાનાં જમીનદારોને મુંબઇ ઇલાકાની રૈયતવારી જમાબંધીના મુલકના લોકો જે ૯ થી ૧૨ ટકા ભરે છે તેનાં કરતાં વધારે વ્યાજનો દર ભરવો પડે છે. હું કહું છું તે વાત તમે ખરીજ માનતા હો તો શું એમ કહેવું વ્યાજબી છે કે કાયમની જમાબંધી થાય તો લોકોને ઓછા દરે નાણાં મળે?

જઃ—હા.

સઃ—હમણાં તો બેંકને પણ ૮ થી ૯ ટકા વ્યાજ ભરવું પડે છે. ત્યારે તમે એમ કહી શકો કે ખેડુતોને માટે એ દર આકરો છે?

જઃ—હા. ખેડુતોને માટે આ દર આકરો છે.

સઃ—જ્યારે જમીનમાંથી ૨ થી ૩ ટકાજ વ્યાજ મળે છે ત્યારે જમીન એ સારી જામીનગીરી છે એમ તમે કહી શકશો? મીલના શેરો કે જેનું ૮ થી ૧૦ ટકા વ્યાજ મળે છે તેનાં કરતાં પણ એ સારી જામીનગીરી છે એમ કહી શકશો?

જઃ—હું જે કહેવા માગું છું તે એ છે કે જમીનનો ધંધો એવો છે કે ૯ ટકા વ્યાજ આવવાનું હોય તો પણ તેમાં ફાયદો નથી.

સ:-અને છતાં પણ દફ્તરમાં તમે જાણો છો તેમ ૩૦ ટકા છે છતાં તેઓ જમીનને વળગી રહે છે?

જ:-તેઓને આપવાની ફરજ પડે છે.

સ:-છતાં પણ તેઓ તેના પર જીવે છે મરી ગયા નથી.

જ.-અમારે હવે એ જુદી વાતપર વળવાનેજ વિચાર કરવાનો છે?

સ:-પટ્ટા એટલે શું?

જ.-તે છાપેલાં કાગળો છે. જો કોઈ માણસની જમીન કોઈ ગામમાં હોય અને તે જમીન ગણોતે આપે તો તે પટ્ટા ઉપરથી કેટલી જમીન ખેડુતને આપી છે, કોને આપી છે અને કેટલા વખત માટે આપી છે તે જણાય. તેના ઉપર તેઓની સહી થાય છે.

સ:-માણસને શું મળવાનું છે તે તે બતાવે છે ખરું?

જ:-હા,

સમાપ્ત

સુરત બુરહાનપુરી ભાગળ, ભાઉવાળી પોળમાં આવેલા શ્રી 'આનંદવિજય પ્રેસ'
શ્રી પ્રેસના માલિક [illegible] નાયકે છાપ્યું અને [illegible]
[illegible] સોનીફળીયા સુરતથી પ્રગટ કર્યું